ष्टिमार्गीय व्रतोत्सवनी टिप्पणी.

हाराजाधिराज गोस्वामितिलक आचार्यरत्न श्री १०८

श्रीगोवर्धनलालजी महाराजनी आज्ञाथी

पार करनार पंडित श्रीगट्टूलालजीना शिष्य

शास्त्री नंदकिशोर शर्मा-वाणीभूषण.

પ્રભુજીનું સંક્ષિપ્ત ચરિત્ર, તેઓશ્રીની વંશાવલી, કાશી
ના ૪ પ્રશ્નોના શ્રીજગન્નાથજીએ આપેલાં ઉત્તરો,
શ્રીકૃષ્ણ મંત્રનો મહિમા. ભૂતલ ઉપર બિરાજતા
ગોસ્વામિ બાલકોના જન્મદિવસો, અને નહિ
બિરાજતા બાલકોના ઉત્સવો, પુષ્ટિસંપ્રદાયમાં
થયલા મહાનુભાવી મહારાજોના પ્રભાવ-
શાળી સુંદર ચિત્રો, મુંબઈમાં બિરાજતાં
નિધિ સ્વરૂપો વિષે જાણવાયોગ્ય
હકીકત વગેરે ઘણી ઉપયોગી
બાબતોથી ભરપૂર.

તૈયાર કરનાર અને પ્રકાશકઃ—

કાશીદાસ નારણદાસ દલાલ,

બી.એ., એલ્એલ. બી., વકીલ, હાઈકોર્ટ.

મુંબઈ અને ભાવનગર.


પંડિત શ્રીગટ્ટુલાલજીની સંસ્થાના

માન્યાધિકારી મંત્રી.

શકે ૧૮૩૮. **સંવત ૧૯૭૨-૭૩.**

શ્રી 'સરસ્વતી' પ્રેસ, નાગદેવી સ્ટ્રીટ, મુંબઈ.

श्री नाथजी.



શ્રી નાથજી.

श्रीमद्धर्माचार्यजी.



શ્રીમદ્ધર્માચાર્યજી.

[illegible] પ્રેસ, મુંબઈ.

વિજ્ઞાપ્તિ.

આ સંસ્થા તરફથી પ્રત્યેક વર્ષે જે ટિપણી બહાર પાડવામાં આવેછે તે કરતાં આ ટિપણીનું કદ મોટું થયુંછે. અત્યાર સુધી ટિપણીમાં વ્રજભાષામાં લખાણ તમામ હોવાથી ગુજરાતીઓમાંના ઘણાઓને સમજવાની મુસ્કેલી પડતી તેનો ખ્યાલ કરતા આ વર્ષે વ્રજભાષા શીવાય અન્ય વિષયો કેવલ નવા હમોએ જનસમાજ વૈષ્ણવોને માટે ગુજરાતી ભાષામાં દાખલ કર્યાછે. ટિપણીમાં પણ કોઈ કોઈ સ્થળે હમોએ જે વધારો કર્યોછે તે વિદ્વાન્ શાસ્ત્રીઓની જેમાં શાસ્ત્રી પોપટલાલ મુળજી જામનગરવાલા ભાસ્કરોદય પંચાંગના કરતાની સલાહ અને મત પ્રમાણે કરેલોછે. ટુંકમાં જે જે વ્રજ ભાષામાં છે તે તમામ વેદમૂર્તિ નન્દકિશોર રમેશજીનું લખાણ છે. તે માટે સંસ્થા તેમનો ઉપકાર માનેછે તેમજ બીજા શાસ્ત્રીઓનો પણ ઉપકાર માનેછે.

ઘણા વૈષ્ણવો હવેલીમાં દર્શન કરવા જાયછે, પણ અજાણ હોયછે કે કઈ હવેલીમાં કયાં સ્વરૂપો બિરાજેછે અને તે કયા ગોસ્વામી બાળકોના સેવ્ય છે. તેજ પ્રમાણે ભૂતલપર બિરાજતા કેટલા અને એકમેક સાથે શું સંબંધથી ગંઠાયલા ગોસ્વામીના બાલકો છે, તે પણ જાણતા ન હોય તેવા વૈષ્ણવોની જાણ માટે તે ખબર આ ટિપણીમાં આપવાની હમોને ખાસ જરૂર લાગવાથી તે પુરી પાડવામાં આવીછે. તેજ હેતુથી સાત સ્વરૂપો કયા અને કયારે પ્રાકટય થયા તે એટલે ટુંકમાં શ્રી મહાપ્રભુજીના વંશની વંશાવલી પણ આપવામાં આવીછે. મુંબઇ શહેરમાં વૈષ્ણવી સંપ્રદાયના કેટલા મંદિરો, અને કયાં છે, અને તેમાં કયા કયા સ્વરૂપો બિરાજે છે, અને તેમાં કયા કયા ગોસ્વામી બાળકો બિરાજે છે, તે

જાણવા માટે હમોએ એક અલાયદુ પત્ર આ ટિપણીમાં દાખલ કરેલું છે. ગોસ્વામી બાળકોના જન્મના માસ અને તિથિઓ તેમજ લીલા કરેલામાંના કેટલાકોના ઉત્સવોના માસ-તિથિ એકી નજરે પડે તે સારૂ હમોએ એવું પત્રક રચ્યુંછે કે તે દરેક વૈષ્ણવને આવકારદાયક થયા વિના રહેશે નહીં. આ શીવાય બીજી ઘણી બાબતો ગુજરાતી ભાષામાં દાખલ કરવામાં આવી છે કે જેથી આ વર્ષની ટિપણીનું કદ મોટું થવા પામ્યું છે. આ વર્ષ દરેક વસ્તુની મોંઘવારી કેટલી છે તે માટે લખવાની જરૂર નથી. પરિણામ એ આવ્યું છે કે આ વર્ષની ટિપણીની કીંમત એક આનાને બદલે બે આના કરવાની ફરજ પડી છે ને આશા રાખીએ છીએ કે હમારા ગ્રાહકો મળતી ખબરોના પ્રમાણમાં તે આપવા બીલકુલ આનાકાની કરશે નહીં. ફકત ગોસ્વામી બાળકોના ચિત્રો જે વધારામાં દાખલ કરવામાં આવ્યાં છે તેમના દર્શન દરરોજ થવાથીજ આ કીંમત કેવળ નજીવી દૃષ્ટિએ પડયા વિના રહેશે નહીં.

આ સંસ્થા જન સમાજને કેટલી બધી ઉપયોગી છે તેનો જાતી અનુભવ લેવાની હમારી ખાસ વિનતિ છે. વગર અનુભવે અને સ્વાર્થસાધુકોના સ્વાર્થ નહીં સંધાતાની પેટ બળત્રાને લીધે તેમના કેવળ ખોટા બકવાટ અને ઉંદર કર્મથી દોરાઇને આ સંસ્થાના વહીવટ બાબત અને તેમાં કામ કરનારાઓ માટે ફાવે તેમ લખવું કે બોલવું કે ચર્ચા કરવી એ કૃત્ય કેવળ અન્યાયભરેલું કહેવાય. હમો લખવા ખુશી છીએ કે આ સંસ્થાના પુસ્તકાલયની વ્યવસ્થા બાબત વગર અનુભવે કેટલાક વિઘ્નસંતોષીઓની મોહજાળમાં ફસીને જાહેર વર્તમાનપત્રમાં જેમણે લખાણ કર્યું હતું તેમણે જાતે આ સંસ્થામાં પધારી ખાસ અવલોકન કરી મજકુર લેખ વગર વિચારનો અને વગર અનુભવનો અને તેમના નહીં જાણવામાં આવેલા બીજાઓના પ્રપંચનું પરિણામ હતું તેમ કબુલ કરતામાં

આવ્યું છે. ગમે તે હો, પણ હમારે જનસમાજને વિનતિ એટલીજ છે કે મહેરબાની કરી આ સંસ્થામાં પધારી જાતે તપાસ કરીને જે કાંઈ ખોડખામી દેખાડવામાં આવશે તે ઘણી ખુશીથી આ સંસ્થાની આવકના પ્રમાણમાં તે બાબતમાં ધ્યાન આપવામાં આવશે. લાઇબ્રેરીમાં જે હાલ પુસ્તકો છાપેલા અને હસ્ત લેખીત હૈયાત છે અને જે હમોને હાથ શોધતાં શોધતાં લાગ્યા છે તેમનું સુચીપત્ર તૈયાર કરી ટેબલ ઉપર રાખવામાં આવે છે. હજુ પણ તે બાબતનું કામ ચાલુ છે ફક્ત એ બાબત માટે બીનસ્વાર્થી અને વિદ્યાવિલાસી આત્મભોગ આપી કામમાં મદદ આપે તેની ખાસ જરૂર છે. આશા રાખીએ છીએ કે રફતે રફતે શ્રીગુરૂકૃપાથી જન-સમાજ તરફથી યોગ્ય મદદ મળતી રહેશે.

આ સંસ્થાનો સંવત ૧૯૭૦ સાલ સુધીનો ઘણા વર્ષો પહે-લાનો હીસાબ આપના માનવંતા પ્રમુખ સાહેબ શેઠ ત્રીભુવનદાસ વરજીવનદાસના સેક્રેટરી રા. રા. માણેકલાલભાઇ નાથાભાઈ-એ એક પાઈ પણ લીધા શીવાય પોતાના અમુલ્ય વખતનો ભોગ આપી પોતાના હાથ તળેના મહેતાઓની સહાયતા લઇ તૈયાર કરાવ્યો તે માટે તેમને જેટલો ધન્યવાદ આપીએ તેટલો થોડો છે. આ હીસાબ જોવાની જેની પણ ઈચ્છા હોય તે ઈચ્છા પાર પાડવા સારૂ હમોને મળવું અને તે માટે યોગ્ય સગવડતા કરી આપવામાં આવશે. આ હીસાબ તપાસવાથી સર્વ વૈષ્ણવોની અને આ સંસ્થાને મદદ કરનારાઓની ખાત્રી થશે કે આ સંસ્થા કેવી સારી રીતે ચલાવવામાં આવેછે.

આ સંસ્થાને કાયમની આવક થાય તે સારૂ હમોએ કેટલીક દુકાનો કરી છે જેનું માસિક ભાડું સરાસરી ૪૦થી ૫૦ રૂપીઆ સુધી આવે છે.

આ સંસ્થામાં જે પાઠશાળા છે તેમાં શીખતા વિદ્યા-ર્થીઓ કાશી અને વડોદરે જઈ ઊંચે નંબરે પરીક્ષાઓ પાસ

કરેછે એટલુંજ નહીં પણ ઇનામ મેળવી પંડિત શ્રીના નામને દીપાવે છે. પરંતુ નાણાની સંકોચાઇને લીધે હમો ધારેલું કામ પાર પાડવા અશકત છીએ માટે એ બાબતમાં ખાસ મદદ મળવી જોઈએ.

આ સંસ્થાને લગતી મલાડની ગૌશાળાના નીભાવ માટે એક ચાલી–આરોગ્ય ભુવન–છે જેમાં ઉપર નીચે મળી લગભગ ૧૨ ઓરડાઓ બબે ખંડના છે, જેમાંના બે ઓરડા પહેલે માળના જે ગૃહસ્થના તાબામાં છે તે શિવાય તમામ મોસમમાં ભાડે આપવામાં આવેછે. આ સ્થલમાં બે મોટા કુવા છે અને બગીચો છે. જેઓને ભાડે લેવાની ઈચ્છા હોય તેમણે શ્રી **લાડુ બેટીજીના** મંદીરમાં હમોને અથવા હમારા મહેતાજી છગનલાલ કરૂણાશંકરને મળવું

આ સંસ્થામાં કેટલાક પુસ્તકો વેચવાના છે તેનું લીસ્ટ તૈયાર કરવામાં આવ્યું છે કોઈને ખરીદવાની ઇચ્છા હોય તેમણે મંત્રીને મળી રોકડી કીંમત આપીને લઈ જવા. સામટી સંખ્યા લેનારને ભાવમાં વિચાર કરવામાં આવશે. કોઈ પુસ્તક વેચનારને વેપાર માટે અત્રેના પુસ્તકો લેવાની ઈચ્છા હશે તો તેમને અને આ સંસ્થાને ફાયદો થાય તેવી રીતે મંત્રી બંદોબસ્ત કરી શકશે.

સામટી ટિપણી લેનારને ભાવમાં ઘટાડો કરી આપવામાં આવશે. આ માટે મંત્રીને મળી બંદોબસ્ત કરવો.

આ ટિપણીમાં ભુલચુક થઈ હોય તે કૃપા કરી મંત્રીને લખી જણાવવી જેથી તેમનો ઉપકાર માની તે બદલ ભવિષમાં સંભાલ વધારે રાખવામાં આવશે.

ભુલેશ્વર સ્ટ્રીટ,
મુંબઇ, તા. ૨૧મી
માર્ચ ૧૯૧૬.

કાશીદાસ નારણદાસ દલાલ,
બી. એ., એલએલ., બી.,
વકીલ, હાઈ કોર્ટ,
મુંબઈ–ભાવનગર.

પ્રસિદ્ધ ગોસ્વામી **શ્રીગોકુલનાથજીના વચનામૃત.** પરદેશ જવાને પોતાનાં વૈષ્ણવોને સુલભરીતે સમજવાસારૂ કરી આપેલો મૂહુર્ત કોઠો. જેમાં બારે મહિનાની તિથિયો જોવાની રીત એવી છે જે ત્રીજ તેરસનું ફળ એક. ચોથ ચઉદસનું ફળ એક. પાંચમ પુનમનું ફળ એક. અમાસ તો સર્વથા વર્જ કરી નીચે લખ્યા પ્રમાણે યોગ્ય વ્રજ માસ એટલે માફ માસની તિથિ જોઈ જે પ્રયાણ કરશે તેને ચંદ્રદોષ, ભદ્રા, ભરણી, દિશાશૂળ, યોગણી, કાળ, ઘાતવાર, ઘાતતિથિ ઇત્યાદી અનેક કુજોગનો દોષ નહીં નડે. આ કેવળ મૂહુર્તરાજ છે, તેમાં લખ્યા પ્રમાણે જે કોઇ વિશ્વાસ રાખશે તે કુશળતા પામશે. કયે દિને કયા પ્રહરમાં કઈ દિશામાં જવાથી શું ફળ છે તેનો સર્વ ખુલાસો જોઇ ગમન કરવું.

પોસ.	મહા.	ફાગણ.	ચૈત્ર.	વૈશાખ.	જેઠ.	અસાડ.	શ્રાવણ.	ભાદરવો.	આસો.	કાર્તિક.	માગસર.	ફળ.	પોહોર ૧	પોહોર ૨	પોહોર ૩	પોહોર ૪	પૂર્વ દિશા	દક્ષિણ દિશા	પશ્ચિમ દિશા	ઉત્તર દિશા
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	ઘણું સુખ થાય, ક્લેશ ન થાય, અર્થ પૂર્ણ થાય.	અર્થલાભ	સુખ	મનમાં-ચિંતા	સુખ	સુખ	ક્લેશ	ભય	દ્રવ્ય
૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧	મહાજુદ્ધ જુવે, અશુભ, જીવ નાશ થાય.	મહાભય	ક્લેશ	સુખ	કુશળ	શૂન્ય	નાશ	દરિદ્ર	ચિંતા
૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨	અર્થ પૂર્ણ થાય, સૌભાગ્ય પામે, મનોર્થ સિદ્ધ થાયે, કામના પૂર્ણ થાય.	અર્થલાભ	રાજ્યપદ	સુખ	વિનાશ	દ્રવ્ય	દુઃખ	સગા મળે	ધનપ્રાપ્તિ
૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩	ક્લેશ થાય, મહા અનિષ્ટ, જીવ નાશ થાય, કુશળતાથી ઘેર ન આવે.	ક્લેશ	સારૂં થાય	ક્લેશ	સારૂં ન થાય	ક્લેશ	ભય ન-થાય	ધન	સુખ
૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪	વસ્તુ લાભ થાય, મિત્ર મળે, આધિ (મનની પીડા) મટે, માર્ગમાં લાભ થાય, કુશળતાથી ઘેર આવે.	સંકટ	કૃશ	ભાગ્ય	સુખ	લાભ	દ્રવ્યલાભ	ધન	સુખ
૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪	૫	વિત્ત વિયોગ થાય, મહા ચિંતા થાય, કદાચિત ઘેર આવે.	સંકટ	ક્લેશ	પરમમિત્ર	અર્થપ્રાપ્તિ	ભય	લાભ	મૃત્યુ	દ્રવ્યલાભ
૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪	૫	૬	સૌભાગ્ય પામે, દિન ઘણા લાગે, રત્ન સાથે ઘેર આવે.	વિલંબ	અર્થલાભ	સુખ	સુખ	લાભ	કષ્ટ	લાભ	સુખ
૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪	૫	૬	૭	મિલાપ ન થાય, બહુ પૂરૂં થાય, જીવ નાશ થાય, દુઃખ પામે, અશુભ દેખે.	૦	૦	૦	૦	૦	સુખ	૦	સુખ
૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪	૫	૬	૭	૮	અર્થ પૂર્ણ થાય, સૌભાગ્ય મળે, મનની કામના સિદ્ધ થાય.	અર્થપ્રાપ્તિ	બહુ ભલું	મિત્ર મળે	સુખ	સુખ	લાભ	કાર્યસિદ્ધિ	કષ્ટ
૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	સૌભાગ્ય મળે, દિન ઘણા લાગે, કુશળ ઘેર આવે, સકળ દુઃખ દૂર થાય.	શીઘ્રલાભ	સંપૂર્ણ	રસ્તામાં મૃત્યુ	રસ્તામાં-સુખ	ક્લેશ	કષ્ટ	દ્રવ્યપ્રાપ્તિ	ધન
૧૧	૧૨	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	ક્લેશ થાય, પણ જીવનો નાશ ન થાય, સૌભાગ્ય ન પામે, મહા ત્રાસ દેખે.	રસ્તામાં મૃત્યુ	અર્થપૂર્ણ	કુશળ	મૃત્યુ	લાભ	દ્રવ્યનાશ	શૂન્ય	મિત્ર
૧૨	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	માર્ગમાં સિદ્ધિ થાય, મિત્ર મળે, વિઘ્ન મટે, ધનનો તરત લાભ અને પરમસુખ થાય, અર્થ પૂર્ણ થાય, સૌભાગ્ય પામે, કામના સિદ્ધ થાય.	મૃત્યુ	અર્થપ્રાપ્તિ	સુખ	કુશળ	શૂન્ય	સુખ	મૃત્યુ	કષ્ટ

દિવસનાં ચોઘડિયાં.

રવિ.	સોમ.	મંગળ.	બુધ.	ગુરૂ.	શુક્ર.	શનિ.
ઉદ્વેગ.	અમૃત.	રોગ.	લાભ.	શુભ.	ચલ.	કાળ.
ચલ.	કાળ.	ઉદ્વેગ.	અમૃત.	રોગ.	લાભ.	શુભ.
લાભ.	શુભ.	ચલ.	કાળ.	ઉદ્વેગ.	અમૃત.	રોગ.
અમૃત.	રોગ.	લાભ.	શુભ.	ચલ.	કાળ.	ઉદ્વેગ.
કાળ.	ઉદ્વેગ.	અમૃત.	રોગ.	લાભ.	શુભ.	ચલ.
શુભ.	ચલ.	કાળ.	ઉદ્વેગ.	અમૃત.	રોગ.	લાભ.
રોગ.	લાભ.	શુભ.	ચલ.	કાળ.	ઉદ્વેગ.	અમૃત.
ઉદ્વેગ.	અમૃત.	રોગ.	લાભ.	શુભ.	ચલ.	કાળ.

એક ચોઘડિયું દોઢ કલાક સુધી રહે છે. અમૃત, શુભ, લાભ અને ચલ, એટલા સારાં જાણવાં, અને ઉદ્વેગ, રોગ, ને કાળ એ અશુભ ચોઘડિયાં જાણવાં.

રાત્રીનાં ચોઘડિયાં.

રવિ.	સોમ.	મંગળ.	બુધ.	ગુરૂ.	શુક્ર.	શનિ.
શુભ.	ચલ.	કાળ.	ઉદ્વેગ.	અમૃત.	રોગ.	લાભ.
અમૃત.	રોગ.	લાભ.	શુભ.	ચલ.	કાળ.	ઉદ્વેગ.
ચલ.	કાળ.	ઉદ્વેગ.	અમૃત.	રોગ.	લાભ.	શુભ.
રોગ.	લાભ.	શુભ.	ચલ.	કાળ.	ઉદ્વેગ.	અમૃત.
કાળ.	ઉદ્વેગ.	અમૃત.	રોગ.	લાભ.	શુભ.	ચલ.
લાભ.	શુભ.	ચલ.	કાળ.	ઉદ્વેગ.	અમૃત.	રોગ.
ઉદ્વેગ.	અમૃત.	રોગ.	લાભ.	શુભ.	ચલ.	કાળ.
શુભ.	ચલ.	કાળ.	ઉદ્વેગ.	અમૃત.	રોગ.	લાભ.

એક ચોઘડિયું દોઢ કલાક સુધી રહે છે. અમૃત, શુભ, લાભ અને ચલ એટલા સારાં જાણવા અને ઉદ્વેગ રોગ ને કાળ એ અશુભ ચોઘડિયાં જાણવાં.

श्रीमद् गोपीनाथ प्रभुचरण तथा श्रीपुरुषोत्तमजी.

प्राकट्य संवत १५६८ भाद्रपद.



શ્રી ગોપીનાથજી | પ્રાકટ્ય સં. [illegible] ભાદ્રપદ કૃષ્ણ દ્વાદશી.

શ્રી પુરુષોત્તમજી | પ્રાકટ્ય સં. [illegible] ભાદ્રપદ કૃષ્ણ અષ્ટમી.

શ્રી ગોપીનાથજી મોટાભાઈ મણિ મરકત બનાવનારે જેમના,

સુણતાંના લઘુ ભ્રાતના પુરણ પુરુષ પ્રમાણે જેમના.

સરસ્વતી પ્રેસ, મુંબઈ

चैत्र शुक्लपक्ष.

१ सोम-संवत्सरोत्सव. इष्टिः (वसंतना नव-
रात्रनो आरंभ चंद्रदर्शन).

२ मंगळ.

३ बुध. गणगौरी

४ गुरु-

५ शुक्र.

६ शनि-श्रीगुसाँईजीके छठे लालजी महाराज
गोस्वामी श्रीयदुनाथजीको उत्सव.

७ रवि.

८ सोम.

८ मंगल

९ बुध-श्रीरामनवमी, (जहां नवमीकी वृद्धि होय
तहां यह उत्सव मंगलवारकूं होय).

१० गुरु-रामनवमीकी पारणा.
मेषसंक्रान्ति, भतुवा मंगल भोगमें, तथा राज भोगमें,
पुण्यकाल सूर्योदयसूं लेकें मध्यान्ह पर्यंत तामेंभी
सूर्योदयसूं लेकें २ घंटा पर्यंत अतिमुख्य.

११ शुक्र-कामदा एकादशीव्रतम्.

१२ शनि.

१३ रवि.

१४ सोम.

१५ मंगल. इष्टिः

चैत्र कृष्ण (व्रज वैशाख कृष्णपक्ष)

१ बुध.

२ गुरु.

३ गुरु. क्षय.

४ शुक्र.

५ शनि.

६ रवि.

७ सोम.

८ मंगल.

९ बुध.

१० गुरु–पांचस्वरूपको उत्सव. विद्यमान तिलकायित श्रीगोवर्धन लालजी महाराजकृत.

११ शुक्र-वरूथिनीएकादशी व्रतम्. श्री १०८ श्रीमद्वल्लभाचार्यजी [श्रीमहाप्रभुजी] को महाउत्सव.

१२ शनि.

१३ रवि.

१४ सोम.

३० मंगल इष्टि.

वैशाख शुक्लपक्ष.

१ बुध.

२ गुरु.

३ शुक्र-अक्षय तृतीया, चन्दनयात्रा, त्रेता युगादि, जलकुम्भदानम्.

४ शनि.

५ रवि.

६ सोम.

७ मंगल-तिलकायित श्रीलालगिरधारीजी

८ बुध. [महाराजको उत्सव.

९ गुरु.

१० शुक्र.

१ शनि-मोहिनी एकादशी व्रतम्.

१२ रवि.

१३ सोम.

१४ मंगल. नृसिंहजयंती

१५ बुध.

वैशाख कृष्ण (व्रज ज्येष्ठ कृष्णपक्ष)

१ गुरु. इष्टिः।

२ शुक्र. चारस्वरूपकोउत्सव तिलकायित

३ शनि. [श्रीदाऊजीकृत

४ रवि.

५ सोम.

६ सोम. क्षय

७ मंगळ.

८ बुध. यादिनसूं लेकें ज्येष्ठशुक्ल ६ बुधवार पर्यन्त सूर्यको रोहिणी नक्षत्र हे तासूं इन् दिननमें श्रीके अंगमें चन्दन धरावनों।

९ गुरु.

१० शुक्र.

११ शनि· अपरा एकादशी व्रतम्.

१२ रवि.

१३ सोम.

१४ मंगल.

३० बुध.

श्री गुसांईजी.

संवत् १५७२. मार्गशीर्ष वद नवमी.



શ્રી ગુસાંઈજી સંવત્ ૧૫૭૨, માર્ગશીર્ષ વદ નવમી

[illegible]

[illegible]

સરસ્વતી પ્રેસ, મુંબઈ.

ज्येष्ठ शुक्लपक्ष

१ गुरु. इष्टिः । गंगादशे आरंभः गंगाजीना
२ शुक्र चंद्रदर्शन [पदगावा.
३ शनि.
४ रवि.
४ सोम.
५ मंगल.
६ बुध.
७ गुरु.
८ शुक्र
९ शनि.
१० रवि-गंगादशमी, दशहरा. श्रीयमुनाजीको-
उत्सवमानेहें.
११ सोम-निर्जला एकादशीव्रतम्. बीजा नाम
पाडवा एकादशीव्रतनो प्रारंभ मे दीवसे
१२ मंगल. [करवा.
१३ बुध-तिलकायित श्रीगिरिधारीजी महारा-
जकोउत्सव स्नानको जलभरनो. सांझकूं
१४ बुध-क्षय [जलको अधिवासन.
१५ गुरु. ज्येष्ठाभिषेक स्नानयात्रा, अबकें ज्ये
ष्ठा ओर पूर्णिमाको योगहे सो अति प्रशस्तहे
(वट सावित्री व्रत स्त्रीओ करे छे)

भाद्रपद कृष्ण (व्रज आश्विन कृष्णपक्ष)

१ मंगल–सांझीको आरंभ, श्राद्धपक्ष को निर्णय अंतमें लिख्योहे. इष्टिः

२ बुध.

३ गुरु.

४ शुक्र.

५ शनि. श्रीहरिरायजीको उत्सव

६ रवि.

७ सोम.

८ मंगल. श्रीमहाप्रभुजीके ज्येष्ठ पुत्र श्रीगोपीनाथजीके पुत्र श्रीपुरुषोत्तमजीको उत्सव.

९ बुध. सौभाग्य नवमी.

१० गुरु.

११ शुक्र.

११ शनि. इन्दिराएकादशी व्रतम्.

१२ रवि. श्रीमहाप्रभुजीके ज्येष्ठपुत्र श्रीगोपीनाथजीको उत्सव.

१३ सोम. श्रीगुसाँईजी के तीसरेलालजी श्रीबालकृष्णजीको उत्सव.

१४ मंगल.

३० बुध. कोटकी आर्ती. सांझिकी समाप्ति.

आश्विन शुक्लपक्ष

१ गुरु. नवरात्रिको आरंभ. इष्टिः। जवारा वाववा)

२ शुक्र.

३ शनि.

४ रवि. तिलकायित श्रीदामोदरजीको उत्सव.

५ सोम.

६ सोम. क्षय.

७ मंगल. सरस्वतीपूजनारंभः

८ बुध. (सरस्वती पूजन)

९ गुरु.

१० शुक्र. विजयादशमी, दशहरा, सरस्वती विसर्जन, श्रीगुसाँईजीके ज्येष्ठपुत्र श्रीगिरिधरजीके प्रथम लालजी श्रीमुरलीधरजी को उत्सव.

११ शनि. पाषांकुशा एकादशी व्रतम्।

१२ रवि.

१३ सोम.

१४ मंगल. शरत् पूर्णिमा रासोत्सव,

१५ बुध. कार्तिक स्नानारंभः इष्टिः श्रीगोकुलचन्द्रमाजीना शरद् आजे मनाय छे.

आश्विन कृष्ण (व्रज कार्तिक कृष्णपक्ष)

१ गुरु.

२ शुक्र.

३ शनि.

४ रवि

५ सोम.

६ मंगल.

७ बुध.

८ गुरु.

९ शुक्र.

१० शनि.

११ रवि. रमा एकादशी व्रतम्.

१२ सोम.

१३ मंगल. धनतेरस,

१४ बुध. रूपचतुर्दशी, अभ्यंगस्नान,

३० गुरु. दीपोत्सव, दिवाली. हटडी.

श्री योगीगोपेश्वरजी.

(श्री गोकुलोत्सवजीना पुत्र)



શ્રી યોગીગોપેશ્વરજી.

(શ્રી ગોકુલોત્સવજીના પુત્ર.)

ઉત્સવ ૧૮૨૫ જ્યેષ્ઠ શુદ ૮

એઓશ્રીએ વેદ ઉપર નવાથી નામનું ભાષ્ય રચ્યું છે. તેમ દશ દિગન્તવિજયી શ્રીપુરુષોત્તમજીના ભાષ્યપ્રકાશ ઉપર રશ્મિ નામનો સવાલાખ શ્લોકનો ગ્રંથ ટીકારૂપે રચ્યો છે

સરસ્વતી પ્રેસ, મુંબઇ.

कार्तिक शुक्ल पक्ष

१ शुक्र. अन्नकूटोत्सव, इष्टिः (गोवर्धनपूजा. उत्स्वः मायनी पूजा)

२ शनि. भाईदूज, यमद्वितीया, (चंद्रदर्शन).

३ रवि.

४ सोम.

५ मंगल.

६ बुध.

७ गुरु.

८ शुक्र. गोपाष्टमी. यादिन श्रवणहे सो प्रशस्त हे

९ शनि अक्षय नवमी कृतयुगादि कूष्मांड दान

१० शनि. क्षय,

११ रवि.

१२ सोम. प्रबोधिनी एकादशी व्रतम् । देवो स्थापन शृंगार ग्वालमें । श्रीगुसांईजीकेप्रथम लालजी श्रीगिरीधरजीको उत्सव. तथा पंचमलालजी श्रीरघुनाथजीको उत्सव. (तुळसी विवाह देवोत्थापन)

१३ मंगल. चातुर्मास्य नियम समाप्ति या दिवस अथवा पूर्णिमाके दिवस. तामें पूर्णिमा मुख्यहे.

१४ बुध-तिलकायित श्रीगोविंदजीका उत्सव. (वैकुंठ चतुर्दशी)

१५ गुरु. मुकुट शृंगा चातुर्मास्यके तथा कार्तिकके नियमकी समाप्ति । गोपमासारंभः ।

कार्तिक कृष्ण (मार्गशीर्ष कृष्णपक्ष)

१ शुक्र. अथवा गोपसमारंभ, (व्रतचर्या)इष्टिः.
२ शनि.
३ रवि.
४ सोम. ६ स्वरूपको उत्सव. [तिलकायित श्रीदाऊजी महाराज कृत]
५ मंगळ.
६ बुध
६ गुरु.
७ शुक्र.
८ शनि-श्रीगुसांईजीके दूसरे लालजी श्री गोविंदरायजीको उत्सव.
९ रवि.
१० सोम.
११ मंगळ-उत्पत्ति एकादशी व्रतम्.
१२ बुध.
१३ गुरु-श्रीगुसांईजीके सातमे लालजी श्री-घनश्यामजीको उत्सव.
१४ शुक्र.
१५ शनि.

मार्गशीर्ष शुक्ल

१ रवि. इष्टिः

२ सोम.

३ मंगल.

५ बुध.

६ गुरु.

७ शुक्र-श्रीगुसांइजी के चतुर्थ लालजी श्री गोकुलनाथजीको उत्सव.

८ शनि-सातस्वरूपको उत्सव. (श्रीगोवर्द्धनेशजी महाराजकृत)

९ रवि.

१० सोम.

११ मंगल. मोक्षदा एकादशी व्रतम्.

१२ बुध.

१३ गुरु.

१४ शुक्र.

१५ शनि-गोपमास समाप्ति, छप्पनभोग। श्री बलदेवजीको उत्सव कितनेक मानेहे.

मार्गशीर्ष कृष्ण [व्रज पौष कृष्णपक्ष]

१ रवि.—इष्टिः ।

२ सोम.

३ मंगल.

४ बुध.

५ गुरु.

६ शुक्र. धनुर्मासको आरंभ.

७ शनि. श्रीगुसांइजीके बड़े नाती श्रीकल्याणरायजीको उत्सव. श्रीविठ्ठलनाथजी के घरमें मानेंहें.

८ रवि.

८ सोम.

९ मंगल. श्री १०८श्रीविठ्ठलनाथजी प्रभु चरण श्री गुसांईजीको महोउत्सव, यादिन हस्त नक्षत्र तथा शोभन योग हे सो प्राकट्यके हें.

१० बुध.

११ गुरु-सफला एकादशी व्रतम् । फल अवश्य भोगधरनों, फलनको अवश्य दान करनों तिलकायित श्रीगोविंदजी को उत्सव.

१३ शुक्र..

१४ शनि.

३० रवि.

पौष शुक्लपक्ष.

१ सोम. इष्टिः ।

२ मंगल.

३ बुध.

४ गुरु.

५ शुक्र.

६ शनि. श्रीनाथद्वारस्थ गोस्वामि तिलक श्री १०८ श्री गोवर्धनलालजी महाराजके पुत्र चि० श्रीदामोदरलालजीको जन्मदिन.

७ रवि.

८ सोम.

९ मंगल.

१० बुध.

११ गुरु. पुत्रदा एकादशी व्रतम्.

१२ शुक्र.

१३ शनि.

१४ रवि.

१५ सोम. माघस्नानारंभ.

पौष कृष्ण (व्रज माघ कृष्णपक्ष.)

१ मंगल. इष्टिः ।
२ बुध.
३ गुरु.
४ शुक्र. भोगी. धनुर्मासकी समाप्ति.
५ शनि-मकर संक्रान्ति तिळवा उत्थापनमें,
तापीछें दान श्राद्धादिक करने । पुण्यकाल दिनके ३ बजेंसू लेकें सायंकाळ पर्यंत ब्रह्म पक्षीयपञ्चांग मानवेवारेदेशनमें १ । बजेसूं लेकें सायंकाल पर्यंत पुण्यकाल.
६ रवि दीक्षितजी श्रीगोपीनाथजीको उत्सव
७ सोम. [श्रीमथुरेशजीके घरमें मानेहें.
८ मंगल-तिलकायत बडे श्रीदामोदरजी श्री
९ बुध. [दाऊजीको उत्सव.
१० गुरु.
११ शुक्र. षट्तिला एकादशी व्रतम् । तिलकी वस्तु अवश्य भोगधरनीं, तिलकेदान
१२ शनि. [भक्षणादिकरनें.
१३ रवि.
१४ सोम.
३० मंगल-क्वचित् सूर्यग्रहण—यह ग्रहणनाथ-
द्वार, मथुरा' मुंबई, काशी, प्रभृतिमें प्रायः सर्वत्र नहींहे । जोधपुरमें दुर्बीनसूं दिखसकेगो, याको निर्णय दृग्गणितैक्यसूंकियोहें । विशेप विवरण टिप्पणीके अन्तमें लिखोहे. इष्टिः

माघ शुक्लपक्ष.

१ बुध.

दशदिगन्तविजयी श्रीमत्पुरुषोत्तमजी.



શ્રી પુરૂષોત્તમજી ([illegible]).
[illegible]

१५ बुध-माघ स्नान समाप्ति । इष्टिः

माघ शुक्लपक्ष.

१ बुध.
२ गुरु.
३ शुक्र.
४ शनि. वसंत पंचमी.
५ रवि.
६ सोम.
८ मंगल.
९ बुध.
१० गुरु.
११ शुक्र. जया एकादशी व्रतम्.
१२ शनि
१३ रवि.
१४ सोम.
१५ मंगल-होरीडांडो, दंडारोपण, सांझके ६॥ बजे पीछें भद्रा उतरेंपे त० धमारको आरंभ जहांबिलंब न होतो होय तहां मंगळवारकी पिछलीरात्रिकूं दंडारोपण होय. ।
१५ बुध-माघ स्नान समाप्ति । इष्टिः

माघ कृष्ण [व्रज फाल्गुन कृष्णपक्ष]

१ गुरु.

२ शुक्र.

३ शनि.

४ रवि.

५ सोम.

६ मंगल.

७ बुध. श्रीनाथजीको पाटोत्सव.

८ गुरु

९ शुक्र.

१० शनि.

११ रवि. विजया एकादशी व्रतम्.

१३ सोम.

१४ मंगल.

३० बुध.

फाल्गुन शुक्लपक्ष.

१ गुरु. इष्टिः

२ शुक्र.

३ शनि.

४ रवि.

५ सोम

६ मंगल.

७ बुध. श्रीमथुरेशजीको पाटोत्सव.

८ गुरु.

९ शुक्र.

१० शनि.

११ रवि. आमलकी एकादशी व्रतम्, कुंज-

१२ सोम. [एकादशी.

१३ मंगल.

१४ बुध.

१५ गुरु-होरी, होलिकाप्रदीपन, सायंकालकूं सूर्यास्तपीछें. ।

फाल्गुन कृष्ण (व्रज चैत्र कृष्णपक्ष.)

१ शुक्र. दोलोत्सव, डोल, धूलिवन्दन, धुरेंडी, इष्टिः
२ शनि. द्वितीयापाट.
३ रवि.
४ सोम.
५ मंगल.
६ बुध.
७ गुरु.
८ शुक्र.
९ शनि.
१० रवि.
११ सोम-पापमोचिनी एकादशी व्रतम्.
१२ मंगल.
१३ बुध-वारुणी पर्व, यामे स्नान दानादिक को फल ग्रहणमें अधिक होयहे । यादिन गंगास्नानको फल कोटि ग्रहण जैसेहि.
१४ गुरु.
३० शुक्र. इष्टिः

इति शुभम्

वर्षे हर्षप्रकर्षः स्यात्.

श्रीमद् गोकुलनाथजी.



શ્રી ગોકુલનાથજી. પ્રાકટ્ય સં. ૧૬૦૮ માગસર સુદ ૭

શ્રી ગોકુલપતિ અતિ ગુણનિધિ તાત તણો પ્રતિ બિંબ છે રસના,

શ્રી પાર્વતી પતિ પ્રેમ શું જોતાં સકલ કુટુંબ કે રસના

સરસ્વતી પ્રેસ, મુંબઈ

(श्राद्धपक्षको निर्णयः)

भाद्रपद कृष्णपक्ष, [व्रज आश्विन कृष्णपक्ष] प्रतिपदा मंगलवारसूंलेकें ११ शुक्रवार तांई सब श्राद्ध तिथिप्रमाणें, दूसरी एकादशी शनिकूं द्वादशीके श्राद्ध, १२ रविकूं १३ केश्राद्ध, १३ सोमकूं १४ केश्राद्ध, १४ मंगलकूं अमावास्याको श्राद्ध, जाकी मरणतिथि पूर्णिमा होय ताको महालय श्राद्ध अष्टमी, द्वादशी, अमावास्या, व्यतीपात, यामेंसूं कोईभी दिनमें करनो, १५ में नहीं करनों, भाद्रपदकी पूर्णिमा श्राद्धपक्षमें नहींहे तासूं । अबकें ८ मंगलवारकूं व्यतिपातभी हे तासूं ये दिवस श्राद्धादिकमें विशेष प्रशस्तहे, तासूं कोईभी तिथिकूं श्राद्ध रहिगयो होय अथवा रहिजायवेको संभव होयतो यादिन करनो । ५ शनिकूं भरणी नक्षत्र भीहै तासूं पिंड़राहित श्राद्ध करवेसूं गया श्राद्ध जैसो फल लिख्योहै । ९ बुधकूं मातृ नवमीके श्राद्ध । माता, प्रभृति, सुवासिनी, मृतभई, हों, यतो एवाती, सुवासिनी, भी अवश्य जिमावनी,

११ शनिकूं द्वादशी निमित्तक संन्यासीनको महालय । द्वादशी रविकूं मघानक्षत्रभी हे सो मघा त्रयोदशीके निमित्तभी पिंड रहित श्राद्ध अवश्य करनों चहिये । सो न बनसके तो सर्व पितृगणके नामोच्चारण पूर्वक एक संकल्प करकें ब्राह्मण भोजनतो अवश्यही करावनो क्यों जो श्राद्ध ब्राह्मण भोजन कछूभी नकरे ताकूं दोष लिख्योहे । १३ सोमवारकूं चतुर्दशी निमित्तक घायलनके श्राद्ध । जल, शस्त्र, आदिसूं मरणपाये होय उनकेही यादिन श्राद्ध । जाको मरण तिथि चतुर्दशी होय ताको महालय श्राद्ध. अष्टमी, द्वादशी अमावास्या, व्यतीपात, यामेंसूं कोईभी दिन करनों । १४ मंगल अमावसको श्राद्ध दर्शश्राद्ध ब्राह्मण भोजन कछूभी नकरे ताकूं दोष लिख्यो हे । ३० बुधवार मातामह श्राद्ध करनों,

॥ इति श्राद्धपक्ष निर्णयः ॥

सूर्य ग्रहण.

पौषकृष्ण अमावास्या-मंगल—

[व्रज माघकृष्ण अमावस]

यह ग्रहण, सिंधहेद्राबाद, करांची, क्वेटा, लाहोर, अमृतसर, पटियाला, नगरठट्ठा, सक्कर, काश्मीर, आदिमें विशेष रूपसूं दीखेगो ।


और मारवाड, राजपूतानाके जोधपुर, बीकानेर जेसलमेर, प्रभृति कितनेकस्थाननमें भी कछूक अंशसूं दीखेगो ।

और गुजरात, काठियावाड, दक्षिणप्रान्त पूर्वप्रान्तमें, त० नाथद्वार, मथुरा, गोकुल, काम्यवन, जयपुर, ग्वालियर, बम्बई, मद्रास, काशी, प्रयाग, पटना, कलकत्ता, जगन्नाथपुरी, जूनागढ, जामनगर, भावनगर, द्वारका, अमदावाद, वीरमगाम, सूरत, भडूच, बडोदा, आदिमें नही. दीखेगो ।

जोधपुरमें, यह ग्रहण दुर्बीनसूं दीखेगो जोधपुरमें स्पर्श स्टेन्डर्ड टाइम मध्यान्हके

१ बजके १४ मिनट, मोक्ष घंटा १ मिनट ३७ पर्व केवल २३ मिनट.

नगर ठट्ठामें, स्पर्श स्टेन्डर्ड टाइम घंटा १२ मिनट ४० मोक्ष घंटा १ मिनट ४३ पर्व १ घंटा सूंभी अधिक । या विषयक विशेष या टिप्पणीके संग नकशा दियो गयो हे तामे देखनो. ओरभी विशेष देखनो होय तो पंडित [illegible] सुन्दरदेवजीको बनाया भया नाथद्वाराय मुद्रित श्रीनाथपञ्चाङ्गमूं देखनों । श्रीनाथपञ्चाङ्गमें बहोतसी जगेके स्पर्श मोक्ष लिखे हें ॥



॥ श्रीहरिः ॥

विशेष सूचना.

पं० सुन्दरदेवजी ज्योतिषीजीने सूर्यसिद्धांतरीत्या नाथद्वारीय गणितकरकें 'श्रीनाथ पंचांग' बनायो हे ताही प्रमाण इहां तिथि लिखी हें-यह पंचांग अबकेंभी काशीमें छपो हे। पंचांगमें देशान्तरीय तिथि क्षय वृद्धिकी सूचना भी लिखी हे। तासूं सर्व देशमें पंचांग. को उपयोग होय सके हे। किं० =)

शुद्धाद्वैत संप्रदायके धुरंधर विद्वान् नवलक्ष ग्रंथकर्ता सुप्रसिद्ध गोस्वामी श्रीपुरुषोत्तमजी महाराज कृत (उत्सवप्रतान) ८ पुस्तकन के आधार सूं श्रीनाथद्वार सुदर्शनयंत्रालय में अतिशुद्ध छपकर तैय्यार हे, यामे पुष्टिमार्गीय-सम्प्रदायके जन्माष्टमी, रामनवमी, दीपावळी, आदि सर्व उत्सव तथा एकादशी, संक्रांति, ग्रहण, प्रभृतिको निर्णयहे। यह शुद्धाद्वैत संप्रदा-

यीनकूं अति उपयोगीहे. तथा अन्य संप्रदा-यीनकूं भी बहुत उपयोगीहे। सर्व साधारण वैष्णवनके अति सुगमबोधार्थ मुंबईवारे गोस्वामी श्रीजीवनजी महाराज कृत व्रजभाषामें उत्सवनिर्णय भी याके संग छपायो गयोहे। जिनकूं लेनो होय वे श्रीनाथद्वारा श्रीकृष्णभंडार तथा विद्याविभागसूं मंगावे याकी न्योछावर मार्गव्यय सहित रु० २) हे.

શ્રી મુંબઇ શહેરમાં શ્રીવૈષ્ણવ સાંપ્રદાયિક હવેલી–મંદિરોની જાણવાજોગ નોંધ.

	હવેલીનું ઠેકાણું.	હવેલીનું નામ.	શ્રી ઠાકુરજીનું નામ.	ને કોના સેવ્ય.	બીરાજતા ગોસ્વામી બાળકોનું નામ.	ની પુત્ર પ્રજા.	ગોસ્વામી બાળકોના જનકપિતા.	ધર્મપિતા.
૧	કોટ–બજારગેટ હોળી ચકલો.	શ્રી ચંદા બેટી-જીનું મંદિર.	શ્રી મદન મોહનજી.	શ્રી ગુંસાંઇજી.				

નોંધ:—કોટાવાળા શ્રીગોકુલાલંકારજીના બેટીજી થાય. શ્રી દાઉજીવાળા શ્રીદ્વારકેશલાલજીના નાના ભાઈ શ્રીકન્હૈયાલાલજી જમાઇના સંબંધથી વહીવટ તેમની પાસે અને તેમણે લીલા કર્યા પછી તેમની વહુજી પાસે તરીકે વહીવટ કબજો હતો.

૨	બહારકોટ- બંદર ઉપર પાયધુણીની	આરસીવાળા શ્રીબ્રજપાલજી મહારાજની	શ્રીબાલકૃ-ષ્ણલાલજી.	[કોને સેવ્યા તે જણાયું નથી પણ તે નીધીનું				

	ટ્રામથી જતાં પૂર્વ તરફ જતી પાટાની લાઇનની ડાબી બાજુએ.	હવેલી.		૨૧૩૫ છે.]				
૩	બહારકોટ મહારાજનો અથવા ત્રીજો ભોઇવાડો ભુલેશ્વર લતો.	મોટું મંદિર. મોટી હવેલી.	૧ શ્રીબાલ-કૃષ્ણ લાલજી. ૨ શ્રી મોટા મદન મોહનજી. ૩ શ્રીનવનીત પ્રિયાજી. ૪ શ્રીનાના મદન	શ્રી મહાપ્રભુજી. શ્રી ગુસાંઈજી. શ્રી ગુસાંઇજી શ્રી ગુસાંઈજી.	શ્રીગોકુલ-નાથજી. જન્મ-ભાદરવા શુદ ૧૨.	૧ શ્રીકૃષ્ણ-જીવનજી ઉપનામ શ્રીગોવર્ધ-નનાથજી જન્મ-શ્રાવણ વદ ૯. ૨ શ્રીદેવકી-નંદજી	શ્રીદામોદર-લાલજી શ્રી કૃષ્ણજીવનજી ઉપનામ શ્રી કુંજ લાલજી ચાપાસેની વાળા ઉત્સ-વનો દિવસ શ્રાવણ	શ્રીજીવનજી મહારાજ દત્તક પિતા ઉત્સવનો દિવસ માર્ગશીર્ષ શુદ ૧૫.

મોહનજી	રૂપનામ શ્રીદિક્ષિતજી જન્મ- વૈશાખ વદ ૯.	શુદ ૩.

નોંધ:—૧ શ્રીબાલકૃષ્ણલાલનું સ્વરૂપ શ્રીમહાપ્રભુજીએ એક રજતે ક્ષત્રાણીને શીર પધરાવ્યું હતું. આ સ્વરૂપ શ્રીગિરિરાજમાં સુરભી કુંડપર બીરાજતું હતું. ત્યાંથી શ્રીજીવનજી મહારાજે મુંબઇમાં આ હવેલીમાં પધરાવ્યું. સુમારે હાલ ૧૦૧ વર્ષથી મુંબઇમાં એ સ્વરૂપ બીરાજે છે. શ્રીમહાપ્રભુજીનું સેવ્ય હોવાથી આ સ્વરૂપનું સિંહાસન સિંહાસનો મધ્યમાં અને બીજા કરતાં કાંઇક અંશે ઉંચું રાખવામાં આવે છે. આ સ્વરૂપ અંગુઠાથી પણ છોટું છે.

૨ આ સ્વરૂપનું ખરૂં અસલ નામ શ્રીનાગરજી છે. શ્રીબાલકૃષ્ણલાલની આ મંદિરમાં પધરામણી થઇ તે પહેલાં આ સ્વરૂપને શ્રીબાલકૃષ્ણલાલ માફક ગણવામાં આવતું. અને હાલ જેમ જે સ્થળે શ્રીબાલકૃષ્ણલાલ બીરાજે છે, અને સેવાય છે તેમ તે સ્થળે બીરાજી સેવાતા હતા. શ્રીબાલકૃષ્ણલાલના પધાર્યા પછી તેમની બેઠક

શ્રીબાલકૃષ્ણલાલની જમણી બાજુના સિંહાસન ઉપર કરવામાં આવી અને હજુ પણ તે બેઠક ચાલુ છે. આ સ્વરૂપને શ્રીગુસાંઇજીએ રાજા આસકરણને શીર પધરાવેલું.

3, ૪ શ્રીનવનીતપ્રિયજી અને શ્રી નાના મદનમોહનજીને એક સિંહાસન ઉપર શ્રીબાલકૃષ્ણલાલના સિંહાસનની ડાબી બાજુએ પધરાવવામાં આવે છે.

૫ આ હવેલીમાં શ્રીદાઊજીનું મંદિર વર્ષ એના શુમારથી કરવામાં આવ્યું છે અને તેમાં શ્રી દાઊદયાળનાં દર્શન અલાયદા કરાવવામાં આવે છે.

૪	બહારકોટ–મહારાજનો ભોઇવાડો મોટા મંદિરની દક્ષિણ દિશામાં સામી બાજુએ.	સુરતવાળા શ્રી યદુનાથજી મહારાજનું મંદિર.	શ્રીયદુનાથજીની સેવ્ય શ્રીચિત્રજીની સેવા છે.	
૫	બહારકોટ–ભુલે	સુરતવાળા શ્રી	૧ શ્રી-	શ્રી-

	ભેર લતામાં મહારાજના ભોઇવાડાના પશ્ચિમના નાકે નવું મકાન ભુલેશ્વર તળાવની સામે.	ગિરિધરજી મહારાજની હવેલી.	ચંદ્રમાજી. ૨ શ્રીબાલકૃષ્ણજી. ૩ શ્રીબાલકૃષ્ણલાલ,	ગુસાંઇજી. શ્રીગુસાંઇજી. શ્રીમહાપ્રભુજી.				
૬	ભુલેશ્વર રસ્તે પાંજરાપોળ જતાં પુર્વ બાજુએ રસ્તે આવેલું.	શ્રીલાલબાવાનું મંદિર.	૧ શ્રી નવનીત પ્રિયાજી.	શ્રીમહાપ્રભુજી.	શ્રીરણછોડલાલજી. જન્મઃ— માર્ગશીર્ષ વદ ૭	શ્રીવલ્લભલાલજી. જન્મઃ— પોશ વદ ૯.	શ્રીજીવણલાલજી પોરબંદરવાળા જન્મઃ— માર્ગશીર્ષ શુદ ૧૩.	શ્રીઘનશ્યામલાલજી સુત શ્રીચીમનલાલજી ઉત્સવઃ- આસો વદ૩.
૭	ભુલેશ્વર રસ્તે પાંજરા	નવું મંદિર	શ્રીશ્યામસુંદરજી.	વૈષ્ણવ મોરાર-				

	પોળ જતાં શ્રીલાલબાવાના મંદિરના મકાન સામે.			ભાઇના સેવ્યછે.	

નોંધઃ—આ મંદિર ગોઃ શ્રીદેવકીનંદનાચાર્યના પીતાશ્રી ગોવિંદલાલજીને અર્પણ કરવામાં આવ્યું છે, પરંતુ હાલમાં એ મંદિરના ટ્રસ્ટીઓ મોરારભાઈના વંશ્યો અને શ્રીવલ્લભલાલજી મહારાજ મળીને ચાર છે.

૮	કુંભારટુકડાની ગલીમાં બહારકોટ.	શ્રીગંગાવહુજી.	શ્રીમદનમોહનજી.	કોઇ વૈષ્ણવના સેવ્ય છે.	ભા

નોંધઃ—આ મંદિર અમદાવાદવાળા શ્રીવ્રીજનાથજી મહારાજનું છે.

૯	કેથીડ્રલ સ્ટ્રીટ.	શ્રીનૃસિંહલાલજીનું અથવા શ્રીલાલનું મંદિર.	શ્રી લાલજી.	શ્રી મહાપ્રભુજી.	શ્રીગોવર્ધન લાલજી જન્મ:- ભાદરવા વદ ૩.	શ્રીનૃસિંહલાલજી સુત શ્રીમગનલાલજી ઉત્સવ:- ભાદરવા વદ ૧૧.

નોંધ:—આ મંદિરનો વહિવટ વાસ્તવિક રીતે શ્રીનૃસિંહલાલજીનાં વહુજી શ્રીચંદાલાલી કરેછે.

૧૦	કેથીડ્રલ સ્ટ્રીટ.	શ્રીગોકુલાધીશનું મંદિર.	૧ શ્રી લલીત ત્રીભંગી રાયજી ૨ શ્રીમદન મોહનજી ૩ શ્રીબાલ કૃષ્ણજી.	શ્રી મહાપ્રભુજી શ્રી ગુંસાંઈજી શ્રી ગુંસાંઇજી.	શ્રી ગોવર્ધન લાલજી.	શ્રીગોકુલાધીશજી ઉત્સવ મહા શુદ ૧૦
૧૧	કેથીડ્રલ	શ્રીલાડુબેટી	શ્રી	જુનાગઢવાળા		

	સ્ટ્રીટ.	જીની હવેલી	બાલમુકુંદ જી.			શ્રીવ્રજવલ્લભજી મહારાજ.

નોંધઃ—૧ આ મહારાજ પાસેથી શ્રી પંડિતજી શ્રીગટ્ટુલાલજીએ બ્રહ્મસંબંધ લીધેલું તેમનો ઉત્સવ માર્ગશીર્ષ શુદ ૧૧.

૨ એ મંદિરનો વહીવટ ટ્રસ્ટીઓ માન્યાધિકારી મંત્રી મારફત કરે છે.

૧૨	બહારકોટ-શ્રી દાઉજીની ગલીમાં ભુલેશ્વર લતો પંચાત ગલી.	શ્રીદાઉજીની હવેલી.	૧ શ્રી દાઉજી. ૨ શ્રી બાલકૃષ્ણજી.	શ્રીગુસાંઈજી.	શ્રી દ્વારકેશ લાલજી જન્મઃ- જેઠ શુદ ૯.	શ્રીવલ્લભલાલજી સુત શ્રીવિઠ્ઠલરાયજી ઉત્સવ શ્રાવણ શુદ ૨.
૧૩	,,	શ્રીપુરૂષોત્તમ લાલજીનું મંદિર.	૧ શ્રી દ્વારકાનાથજી (શ્રીવેણુજી). ૨ શ્રી બાલકૃષ્ણજી.	શ્રીગુસાંઇજી ,,	શ્રીવાગીશ લાલજી જન્મઃ- જ્યેષ્ઠ વદ ૧૪.	શ્રીપુરૂષોત્તમ લાલજી સુત શ્રી વિઠ્ઠલરાયજી ઉત્સવઃ-અષાડ શુદ ૧૨.

૧૪	”	શ્રીમાધવરાયજીની હવેલી.

નોંધઃ—કોટાવાળા ગોઃ શ્રીરણછોડલાલજીના વહીવટમાં હતો.

આ ભૂતલપર બીરાજતા ગોસ્વામી બાલકોના અને નહીં બીરાજતામાંના કેટલાકોની નામની અને જન્મદિવસ અને ઉત્સવોના દિવસની નોંધ કરી છે.

ગાદીનાં સ્થળ.	ભૂતલપર હાલ બીરાજતાનાં નામ.	ભૂતલપર બીરાજતાના જન્મ દિવસ.	ભૂતલપર હાલ નહીં બીરાજતા ગાદીનાં સ્થળ.	ભૂતલપર હાલ નહીં બીરાજતાનાં નામ.	ભૂતલપર નહીં બીરાજતાના ઉત્સવના દિવસ.
અમરેલી (મુંબઈ)	૧ શ્રીવાગીશલાલજી તે શ્રી પુરૂષોત્તમજીના	જ્યેષ્ટ વદ ૧૪.	અમરેલી.	શ્રીપુરૂષોત્તમજી તે શ્રીવિઠ્ઠલરાયજીના	કાર્તિક શુદ ૬.

[શ્રીગુસાંઇજીના સેવ્ય શ્રીદ્વારકાનાથજીનું સ્વરૂપ શ્રી અને શ્રીબાલકૃષ્ણજી બીરાજે છે]

પુત્ર.

નોંધ–આ મંદિરમાં શ્રી ની સેવા છે.

ઇંદોર

૧ શ્રીદેવકીનંદજી તે શ્રીગોવિંદરાયજીના પુત્ર. વૈશાખ વદ ૧૧.

૨ શ્રીકૃષ્ણરાયજી તે શ્રીદેવકીરાયજીના પુત્ર. અષાડ વદ ૧૩.

નોંધ–શ્રીદેવકીનંદજીના ભાઇ ગોપેશ્વરજી શ્રીનાથદ્વારમાં શ્રીવિઠ્ઠલનાથજીના ટીકાયત થઇ બીરાજે છે.)

ત્રીજા પુત્ર.

ઇંદોર. શ્રીગોવિંદરાયજી. શ્રાવણ શુદ ૧૪.

કાંકરોલી. (શ્રીદ્વારકાનાથજીનું સ્વરૂપ જે મહાપ્રભુજીનું સેવ્ય છે તે બીરાજે છે.)	૧ શ્રીબાલકૃષ્ણલાલજી તે શ્રીકલ્યાણરાયજી મથુરાવાળા પુત્ર અને તેઓ શ્રીપુરૂષોત્તમજી ઉપનામ શ્રીભટ્ટજીને ધર્મપિતા ગણી તેમની ગાદીએ પધાર્યા. આપશ્રીના ત્રણ પુત્રોઃ—	અષાડ વદ ૧૩	કાંકરોલી.	શ્રીપુરૂષોત્તમજી ઉપનામ શ્રીચટ્ટુજી.	ભાદરવા શુદ ૨
	૧ શ્રીદ્વારકેશલાલજી.	જ્યેષ્ઠ વદ ૬.			
	૨ શ્રીવ્રજભુષણજી.	માહા શુદ ૧૫.			
	૩ શ્રીવિઠ્ઠલનાથજી.	પોષ વદ ૯.			
કામવન. (શ્રીમદનમોહનજીનું સ્વરૂપ શ્રી મહાપ્રભુજીનું સેવ્ય બીરાજેછે.)	શ્રીગોપાળલાલજી તે શ્રીગોવિંદલાલજીના પુત્ર.	અષાડ શુદ ૨.	કામવન.	શ્રીગોવિંદલાલજી તે શ્રીવલ્લભજીના પુત્ર.	અષાડ શુદ ૭
	શ્રીરમણજી તે શ્રી ગોપાળલાલજીના પુત્ર.	કાર્તિક વદ ૮.			

કામવન. (ગોકુળ) કામવનમાં શ્રીગોકુળચંદ્રમાજીનું શ્રીમહાપ્રભુજીનું સેવ્ય બીરાજે છે.	શ્રીવલ્લભલાલજી તે શ્રીદેવકીનંદનાચાર્યજીના પુત્ર. નોંધ-શ્રીગોકુલમાં શ્રીગોવિંદલાલજીના સૌથી નાના કાકા શ્રીલક્ષ્મણજીની ગાદીએ હાલ બીરાજે છે.	અષાડ શુદ ૩.
કાશી		
૧ શ્રીમુકુંદરાયજીનું મહાપ્રભુજીનું સેવ્ય સ્વરૂપ બીરાજે છે.	શ્રીગિરિધરલાલજી તે શ્રીજીવનલાલજીના પુત્ર.	માહા શુદ ૧૫.
	શ્રી મુરલીધરજી તે શ્રીગિરિધરલાલજીના ભાઇ.	ચૈત્ર શુદ ૧૨.
૨ શ્રીગોપાલલાલજી.		

કામવન.	શ્રીદેવકીનંદનાચાર્યજી તે શ્રીગોવિંદલાલજીના જેષ્ઠ પુત્ર	ચૈત્ર શુદ ૩.
	૧ શ્રીજીવનલાલજી તે શ્રીગોપાલ મંદિરવાળા અને શ્રીકલ્યાણરાયજીના બીજા પુત્ર મથુરાવાળા.	જ્યેષ્ઠ શુદ ૧૫.
	૨ શ્રીરણછોડજી તે શ્રી નવનીત પ્રિયાજીના	માહા શુદ ૯.

૩ શ્રીગોપીનાથજી (બે સ્વરૂપ. શ્રીગુસાંઇજીના સેવ્ય છે.)		
કોટા (બુંદી) [શ્રી છોટા મથુરેશજીનું શ્રી મહાપ્રભુજીનું સેવ્ય સ્વરૂપ, બીરાજે છે.] [શ્રી મોટા મથુરેશજીનું શ્રી મહાપ્રભુજીનું સેવ્ય સ્વરૂપ, બીરાજે છે.]	શ્રીમુરલીધરજી તે શ્રીરઘુનાથજી ઘનશ્યામજીના પુત્ર અને છોટા મથરેશજી મંદિરની ગાદીએ બીરાજે છે.	ભાદરવા વદ ૮.

મંદિરવાળા.	
૩ શ્રીગોવિંદરાયજી તે શ્રીરણછોડજીના પુત્ર.	ભાદરવા શુદ ૪.
શ્રીઘનશ્યામજી	અષાડ
શ્રીરઘુનાથજી તે શ્રીઘનશ્યામજીના પુત્ર	શુદ ૪.
શ્રીવિઠ્ઠલનાથજી ઉપનામ	શ્રાવણ શુદ ૨.
શ્રીકન્હૈયાલાલજી તે મોટા મથુરેશજીના મંદિરની ગાદીએ બીરાજતા હતા.	
શ્રીરણછોડલાલજી તે શ્રીવિઠ્ઠલનાથજી ઉપનામ	પોષ શુદ ૭

	શ્રી કન્હૈયાલાલજીના પુત્ર. [નોંધ-મુંબઇમાં દાઉજીની ગલીમાં શ્રીમાધવરાયજી હવેલીનો વહીવટ કરતા હતા.]	
	શ્રીજીવનલાલજી તે શ્રીરણછોડલાલજીના પુત્ર.	કાર્તિક વદ ૭.

ખંભાળીઆ (જામ)	ચાંપાસેનીવાળા શ્રીવિઠ્ઠલનાથજી તે શ્રીકુંજલાલજીના પુત્ર અને મુંબઇના મોટા મંદિરવાળા શ્રીગોકુલનાથજીના સગા કાકા ચાપાસેનીવાળા	શ્રાવણ વદ ૧૨.
(માંડવી)	શ્રીદ્વારકેશલાલજી તે	માર્ગશીર્ષ

	શ્રીવિઠ્ઠલનાથજીના પુત્ર.	શુદ ૧૨.			
	શ્રીવ્રજનાથજી તે શ્રીવિઠ્ઠલનાથજીના બીજા પુત્ર.	શ્રાવણ વદ ૧૦.			
ગિરિરાજ			ગિરિરાજ	શ્રીદ્વારકેશજી.	જ્યેષ્ઠ શુદ ૧૨.
				શ્રીમટુજી તે શ્રીદ્વારકેશજીના પુત્ર.	વૈશાખ શુદ ૧૧.
ગોકુલ	શ્રીવલ્લભલાલજી તે શ્રીદેવકીનંદનાચાર્યજીના પુત્ર.	અષાડ શુદ ૩.	ગોકુલ.	શ્રીકન્હૈયાલાલ.	શ્રાવણ વદ ૮.
			ગોકુલ.	શ્રીગોકુલનાથબાવા તે શ્રીવલ્લભ ઘનશ્યામલાલજીના બીજા પુત્ર અને કામવનવાળા શ્રીગોવિંદલાલજીના નાનાભાઇ.	માર્ગશીર્ષ શુદ ૭.

ચાંપાસેન (જુનાગઢ)		શ્રીરઘુનાથલાલજી તે શ્રીમુરલીધરજી શ્રીકુંજલાલજીના બીજા પુત્ર. નોંધ–ચાંપાસેનની અને જુનાગઢની એમ બે ગાદીએ બીરાજે છે.	આશ્વિન શુદ ૧૩.
ચાંપાસેન		શ્રીકુંજલાલજી તેમના પુત્રો:—	ફાલ્ગુન શુદ ૧૧.
માંડવી	૧	શ્રીપન્નાલાલજી મહારાજ જેમણે પોતાના નાના ભાઇ શ્રીઘનશ્યામલાલજીને ગાદી આપી હતી.	અષાડ શુદ ૭.
ચાંપાસેન	૨	શ્રીમુરલીધરજી.	ભાદરવા શુદ ૯.
ચાંપાસેન	૩	શ્રીદામોદરલાલજી ઉપનામ શ્રીકૃષ્ણજીવનજી.	શ્રાવણ શુદ ૩.
	[૪	શ્રીવિઠ્ઠલનાથજી જે ખંભાળીઆની ગાદીએ બીરાજે છે.]	
માંડવી	૫	શ્રીઘનશ્યામલાલજી.	જ્યેષ્ટ વદ ૮.

જામનગર (નડીયાદ)	શ્રી અનિરૂદ્ધલાલજી. નોંધ–પ્રથમ બેટ દ્વારકાની ગાદીવાળા ત્યાર પછી નડીયાદની ગાદીએ બીરાજ્યા. હાલ નડીયાદની અને જામનગરની મળી બે ગાદીએ બીરાજે છે.	ભાદરવા શુદ ૧૨.
જુનાગઢ	શ્રીરઘુનાથલાલજી તે શ્રી મુરલીધર કુંજલાલજી ચાંપાસેનીના પુત્ર થાય. તેઓશ્રી ચાંપાસેનની અને જુનાગઢની બે ગાદીએ બીરાજે છે.	આશ્વીન શુદ ૧૩.

જામનગર	૧ શ્રીબાબુરાયજી તેમના પુત્ર	ફાલ્ગુન વદ ૮.
	૧ શ્રીવ્રજનાથજી તેમના ધર્મપુત્રઃ—	આશ્વીન વદ ૫.
	૧ શ્રીવ્રજેશજી જેના જનકપિતા. પોરબંદરવાળા શ્રીદ્વારકાનાથજી થાય.	શ્રાવણ વદ ૨.
	૧ શ્રીવ્રજવલ્લભજી તે શ્રીમુરલીધર કુંજલાલજી ચાંપાસેનીના જ્યેષ્ઠ પુત્ર, જુનાગઢની ગાદીએ પધારતા પહેલાં, તેમનું નામ	ભાદરવા વદ ૬.

				શ્રીબાકૃષ્ણલાલજી હતું તેઓશ્રી	
				૨ શ્રીગોવિંદલાલજી	ચૈત્ર વદ ૧.
				૩ શ્રીગોકલેશજી જે શ્રીગોવીંદલાલજીના પુત્ર થાય તેમની ગાદીએ બીરાજેલા.	અષાડ વદ ૨.
				૪ શ્રીવ્રજવલ્લભજી તે પંડિત શ્રીગટ્ટુલાલાજીની માતુશ્રી શ્રીલાડુ બેટીજીના પીતા થાય તેમની પાસેથી પંડિત શ્રીગટ્ટુલાલજીએ બ્રહ્મસંબંધ લીધેલું.	માર્ગશીર્ષ શુદ ૧૧.
નડીયાદ	શ્રી અનિરૂદ્ધ લાલજી	ભાદરવા	નડીઆદ	શ્રીવ્રજરતનજી જેની	અષાડ વદ ૧૦.

જામનગર	તે બેટવાળા શ્રી મુરલીધરજી શ્રી વિઠ્ઠલરાયજીના પુત્ર થાય એટલે અમરેલી વાળા શ્રીવાઘીશલાલજીના કાકાના પુત્ર થાય તેઓશ્રી નડીયાદ અને જામનગર માં આવેલા મંદિરો ની ગાદીએ બીરાજેછે.	શુદ ૧૨.	ગાદીએ શ્રીઅનિરૂદ્ધ લાલજી પધાર્યા છે.	
નાથદ્વારા	૧ તિલકાયત શ્રીગોવર્ધનલાલજી	શ્રાવણ વદ ૧	ટિકાયત શ્રીગિરિધારીજી તે હાલના ટીકાયતશ્રીના પીતા.	જેઠ સુદ ૧૩.
	તેમના પુત્રઃ—			
	૧ શ્રીદામોદરલાલજી	પોષ શુદ ૬		
	૨ શ્રીગોપેશ્વરલાલજી	પોષ શુદ ૫	શ્રીકાકાગીરીધારિજી	ફાલ્ગુન

	તે છોટેરવાળા શ્રી ગોવીંદરાયજીના પુત્ર.	
પોરબંદર.		
૧ શ્રીમદનમોહનજીનું સ્વરૂપ શ્રીમહાપ્રભુજીનું સેવ્ય બીરાજેછે.	૧ શ્રીજીવણલાલજી તે ખંભાતવાલા શ્રીવલ્લભજીના પુત્ર. [શ્રીજીવણલાલજીના પુત્ર શ્રી રણછોડલાલજી અને પૌત્ર શ્રીવલ્લભલાલજી માટે મુંબઇ ખાતે શ્રીલાલબાવાનું મંદીર જોવું.]	માર્ગશીર્ષ શુદ ૧૩
૨ શ્રીમદનમોહનજીનું સ્વરૂપ શ્રીગુંસાઇજીનું સેવ્ય	૨ શ્રીઘનશ્યામલાલજી તે શ્રી રમણલાલજી મથુરાવાલાના પુત્ર તેઓ આ ગાદીએ બીરાજેછે.	ફાલ્ગુન શુદ ૧૨.

તે શ્રીવિઠ્ઠલનાથજીના ટીકાયત.	વદ ૧૨.
શ્રીવલ્લભજી મહારાજ, ખંભાતવાલા.	શ્રાવણ વદ ૧૪.
૧ શ્રીદ્વારકેશલાલજી (દ્વારકાનાથજી)	આષાઢ શુદ ૮.
૨ શ્રીવીઠલેશજી	વૈશાખ વદ ૧૪

શ્રીગુંસાઇજીનું સેવ્ય બીરાજે છે.				
મથુરા				
૧ શ્રીમદનમોહનજી (સ્વામીનીજી સહીત) નું સ્વરૂપ શ્રીગુંસાઇજીનું સેવ્ય બીરાજે છે. તે શ્રીયમુનાજીમાંથી પ્રગટ થયલું.	૧ શ્રીગોપાલલાલજી તે શ્રીકલ્યાણ રાયજીના પુત્ર	કારતક વદ ૭	શ્રીકલ્યાણરાયજી શ્રીવિઠ્ઠલનાથજી	માર્ગશીર્ષ શુદ ૧૧
૨ શ્રીમદનમોહનજી (સ્વામીનીજી સહીત)	૨ શ્રીરમણલાલજી તે શ્રીપુરૂષોત્તમલાલજીના પુત્ર તેમના પુત્રોઃ-	કારતક વદ ૧	શ્રીપુરૂષોત્તમજી તે શ્રીકલ્યાણરાયજીના નજીકના પીત્રાઇ.	માર્ગશીર્ષ શુદ ૧૧

અત્રે બીરાજે છે.	તેમના પુત્રઃ— ૧ શ્રીદામોદરલાલજી	ભાદરવા વદ ૧૩		
	૨ શ્રી દ્વારકેશલાલજી તે શ્રીઘનશ્યામ-લાલજીના પુત્ર.	ચૈત્ર વદ ૧૧		
	૧ શ્રીપુરૂષોતમલાલજી તે શ્રીદામોદર લાલજીના પુત્ર.	માર્ગશીર્ષ વદ ૧૩		

બેટ શંખોદ્ધાર.

૧ શ્રીબાલકૃષ્ણજી નું ૨૫૩૫ શ્રી મહાપ્રભુજીનું સેવ્ય બીરાજે છે	૧ શ્રીપ્રદ્યુમ્નલાલજી શ્રીમુરલીધરજી	માહા વદ ૧૨	શ્રીમુરલીધરજી શ્રીવિઠલરાયજી	શ્રાવણ વદ ૮.
૨ શ્રીવ્રજનાથજીનું ૨૫૩૫	૨ શ્રીગોપીકાવલ્લભજી શ્રીમુરલીધરજી	અષાડ શુદ ૨		

શ્રીશાલીગ્રામ માંથી પ્રગટ થયલું અને શ્રીગુસાંઇજીનું સેવ્ય સ્વરૂપ બીરાજે છે,	૧ [શ્રીઘનશ્યામલાલજી પોરબંદરની ગાદીએ બીરાજે છે.] ૨ શ્રીવ્રજપાલલાલજી	આશો વદ ૧૩.		
માંડવી. (શ્રીમદનમોહનજી અને શ્રીનટવરલાલજીનાં સ્વરૂપો શ્રીગુસાંઇજીના સેવેલાં બીરાજે છે.)	શ્રીદ્વારકેશલાલજી તે ચાંપાસેનીવાળા શ્રીવિઠ્ઠલનાથજીના પુત્ર એ માંડવીની ગાદીએ બીરાજે છે.	માર્ગશીર્ષ શુદ ૧૨.	શ્રીપન્નાલાલજી શ્રીઘનશ્યામજી બન્ને સગા ભાઇઓ, થાય	અષાડ શુદ ૭. જેઠ વદ ૮.

મુંબઇ:--શ્રીમુંબઇમાં જે મંદિરો છે અને તેમાં જે સ્વરૂપો બીરાજે છે અને તેને લગતા ગોસ્વામી બાળકોની અત્રેની નોંધ માટે જુઓ પાનું ૧ લું.

રાજનગર (અહમદાવાદ)	શ્રીમધુસુદનલાલજી તે મથુરાવાળા	માહા શુદ ૪
૧ શ્રીનટવર-લાલજી.	શ્રીવ્રજનાથજીના બીજા પુત્ર તેઓ	
૨ શ્રીશ્યામ-લાલજી. બે સ્વરૂપ શ્રીમહાપ્રભુજીના સેવ્ય બીરાજે છે.	શ્રીવ્રજરાયજીની ગાદીએ પધાર્યા છે શ્રીરણછોડલાલજી તે શ્રીમધુસુદનલાલજી ના પુત્ર	પોશ વદ ૧૧.
વીરંમગામ		
૧ શ્રીઅષ્ટભુજાજી તે મહાપ્રભુ-જીના સેવ્ય		

	શ્રીવ્રજરાયજી તે શ્રીમધુસુદનલાલજીના ધર્મ પિતા.	ફાગણ વદ ૧૩.
વીરંમગામ	શ્રીજયદેવલાલજી તે શ્રીગોવિંદલાલજી કામવનવાળાના નાના પુત્ર.	કાર્તિક વદ ૧૪.

૭	૨ શ્રીરસિકરાયજી તે શ્રીગુસાંઈજીના સેવ્ય.		
	વેરાવલ ૧ શ્રીલાડલેશજી તે શ્રીમહાપ્રભુજીના સેવ્ય. ૨ શ્રીમદનમોહનજી તે શ્રીગુસાઇજીના સેવ્ય.	શ્રીમગનલાલજી તે શ્રીનૃસિંહલાલના પિતા.	કાર્તિક વદ ૧૩.

નોંધ—મુંબઇવાલા શ્રીગોવર્ધનલાલજી તે શ્રીનૃસિંહલાલજીના પુત્રને શીર બીરાજે છે.

શેરગઢ.

શ્રીકલ્યાણરાયજીનું સ્વરૂપ જે હતું તે શ્રી ગિરિધરલાલજીએ વડોદરામાં પધરાવ્યું છે એટલે હાલ ત્યાં સ્વરૂપ બીરાજતું નથી.	શ્રીગિરિધરલાલજી તે મથુરાવાળા શ્રીવ્રજનાથજીના જ્યેષ્ટ પુત્ર અને અમદાવાદવાળા શ્રીમધુસુદનલાલજીના મોટા ભાઇ.	ભાદરવા વદ ૧૩.
	તેમના પુત્રઃ—	
	શ્રીવલ્લભલાલજી.	ભાદરવા વદ ૧૦.

સુરત

શ્રીબાલકૃષ્ણજી તે સ્વરૂપ શ્રીમહાપ્રભુજીના સેવ્ય બીરાજે છે.	શ્રીવ્રજરત્નલાલજી તે શ્રીમગનલાલજીના પુત્ર.	ભાદરવા શુદ ૭ ફાગણ વદ

શ્રીયદુનાથજી	આષાઢ વદ ૮.
શ્રીમગનલાલજી	આશો વદ ૯.
બે સગા ભાઇઓ થાય	
શ્રી ઘનશ્યામજી.	ભાદરવા વદ ૭.
શ્રીમગનલાલજી.	

ભૂતલ ઉપર બીરાજતા ગોસ્વામી બાલકોના જન્મ દિવસોનો અને નહિ બીરાજતામાંના કેટલાએકના ઉત્સવોના દિવસોનો એક સ્થલે સંગ્રહ.

જે ગામમાં ગાદી ધરાવતા હોય તેનું નામ	ભૂતલપર બીરાજતા ગોસ્વામી બાલકોના નામ અને તેમના જન્મની તિથિ	તિથિ	ભૂતલપર હાલ નહીં બીરાજતા ગોસ્વામી બાલકોના નામ અને તેમના ઉત્સવની તિથિ	જે ગામમાં ગાદીએ બીરાજેલા તેનું નામ
		ચૈત્ર સુદ ૩	શ્રીદેવકીનંદનાચાર્યજી	કામવન મુંબઈ
		,, ,, ૯	શ્રીગોવિંદલાલજી	જુનાગઢ
કાશી	શ્રીમુરલીધરજી	,, ,, ૧૩		
પોરબંદર	શ્રીદ્વારકેશલાલજી તે શ્રીઘનશ્યામજીના બીજા પુત્ર	,, વદ ૧		

		વૈશાખ સુદ ૧૧	શ્રીમદ્દુજી શ્રીદ્વારકેશજીના પુત્ર	ગિરિરાજ
ઈંદોર	શ્રીદેવકીનંદનજી	,, વદ ૧૧		
મુંબઈ	શ્રીદિક્ષિતજી (મોટા મંદિરવાળા શ્રીગોકુલનાથજીના બીજા પુત્ર)	,, ,, ૧૪	શ્રીવિઠ્ઠલેશજી	પોરબંદર
મુંબઈ	શ્રીદ્વારકેશલાલજી	જ્યેષ્ટ સુદ ૯		
		,, ,, ૧૨	શ્રીદ્વારકેશજી	ગિરિરાજ
		,, ,, ૧૩	ટિકાયત શ્રીગિરિધારીજી	શ્રીનાથદ્વારા
		,, ,, ૧૫	શ્રીજીવનલાલજી	કાશી
કાંકરોલી	શ્રીદ્વારકેશલાલજી	,, વદ ૬		
	તે શ્રીબાળકૃષ્ણલાલજીના પુત્ર	,, ,, ૮	શ્રીઘનસ્યામજી	માંડવી
અમરેલી	શ્રીવાગીશલાલજી	,, ,, ૧૪		
		આષાઢ		
બેટ	શ્રીગોપિકાવલ્લભજી	,, સુદ ૨		
કામવન	શ્રીગોપાલલાલજી	,, ,, ,,		

કામવન ગોકુલ	શ્રીવલ્લભલાલજી	આષાઢ સુદ ૩		
		,, ,, ૪	શ્રીઘનસ્યામજી	કોટા
		,, ,, ૭	શ્રીપન્નાલાલજી	માંડવી
		,, ,, ,,	શ્રીગોવિંદલાલજી	કામવન
પોરબંદર	શ્રીઘનસ્યામલાલજી	,, ,, ૮	શ્રીદ્વારકાનાથજી	પોરબંદર
		,, ,, ૧૨	શ્રીવિઠ્ઠલરાયજી	મુંબઈ
		,, વદ ૧	શ્રીગોકલેશજી	જુનાગઢ
		,, ,, ૮	શ્રીયદુનાથજી	સુરત
		,, ,, ૧૦	શ્રીવ્રજરત્નજી	નડીયાદ
		,, ,, ૧૩	શ્રીગોકલેશજી	મુંબઈ
		,, ,, ,,	શ્રીકલ્યાણરાયજી	શ્રીનાથદ્વારા
કાંકરોલી	શ્રીબાલકૃષ્ણલાલજી	,, ,, ,,		
ઈંદોર	શ્રીકૃષ્ણરાયજી (અચ્યુબાવા)	,, ,, ,,		
		,, ,, ૧૪	શ્રીગોપાલલાલજી	બરાડા

		શ્રાવણ		
		,, સુદ ૨	શ્રીકન્હૈયાલાલજી	કોટા
		,, ,, ,,	શ્રીવલ્લભલાલજી	મુંબઈ
		,, ,, ૩	શ્રીદામોદરલાલજી	ચાંપાસની
		,, ,, ૧૪	શ્રીગોવિંદરાયજી	ઇંદોર
		,, વદ ૧	શ્રીગિરિધરજી તે શ્રી ગોકુલાધીશજીના પીતા	મુંબઈ
શ્રીનાથદ્વાર	ટિકાયત શ્રીગોરધનલાલજી	,, ,, ,,		
		,, ,, ૫	શ્રીચીમનલાલજી	મુંબઈ
		,, ,, ૮	શ્રીકન્હૈયાલાલજી	ગોકુલ
		,, ,, ,,	શ્રીબાલકૃષ્ણજી	રાજનગર
		,, ,, ,,	શ્રીમુરલીધરજી	બેટ
મુંબઈ-મદ્રાસ	શ્રીગોવર્ધનેશજી મુંબઈ મોટા મંદિરવાળા શ્રીગોકુલનાથજીના જેષ્ટ પુત્ર	,, ,, ૯	શ્રીવ્રજેશજી	જામનગર

ચાંપાસેની	શ્રીવ્રજનાથજી	શ્રાવણ વદ ૧૦	શ્રીગોપિકેશજી	મુંબઈ
ચાંપાસની	શ્રીવિઠ્ઠલનાથજી	,, ,, ૧૨		
		,, ,, ૧૪	શ્રીવલ્લભજી	ખંભાત
		,, ,, ૩૦	શ્રીકન્હૈયાલાલજી	મુંબઇ
		ભાદરવા સુદ ૨	શ્રીગિરધરજી ઉપનામ શ્રીચદુજી	કાંકરોલી
		,, ,, ૪	શ્રીગોવિંદરાયજી	કાશી
સુરત	શ્રીવ્રજરત્નજી	,, ,, ૭		
		,, ,, ૯	શ્રીમુરલીધરજી	ચાંપાસની
મુંબઈ	શ્રીગોકુલનાથજી મોટા મંદિરવાળા	,, ,, ૧૨		
જામનગર નડીયાદ	શ્રીઅનિરૂદ્ધલાલજી	,, ,, ,,		

મુંબાઈ	શ્રીગોવર્ધનલાલજી	ભાદરવા વદ ૩		
પોરબંદર	શ્રીદામોદરલાલજી	,, ,, ,,		
		,, ,, ૪	શ્રીગોકુલોત્સવજી	મુંબઇ
		,, ,, ૬	શ્રીવ્રજવલ્લભજી	જુનાગઢ
શેરગઢ	શ્રીવલ્લભલાલજી	,, ,, ૭	શ્રીઘનશ્યામજી	સુરત
કોટા	શ્રીમુરલીધરજી	,, ,, ૮		
		,, ,, ૧૧	શ્રીનૃસિંહલાલજી	મુંબઇ
શેરગઢ	શ્રીગિરિધરલાલજી	,, ,, ૧૨		
		આશ્વિન		
		,, સુદ ૧૧	શ્રીગોકુલાલંકારજી	

જુનાગઢ	શ્રીરઘુનાથલાલજી	આશ્વિન શુદ ૧૩		
		,, વદ ૩	શ્રીઘનશ્યામલાલજી	મુંબઇ
		,, ,, ૫	શ્રીવ્રજનાથજી	જામનગર
		,, ,, ૯	શ્રીમગનલાલજી	સુરત
મથુરા	શ્રીવ્રજપાલલાલજી	,, ,, ૧૩		
		કાર્તિક		
		,, સુદ ૩	શ્રીવલ્લભજી	શેરગઢ
		,, ,, ૬	શ્રીપુરૂષોત્તમલાલજી	અમરેલી
		,, ,, ૭	શ્રીલાલમણીજી	મુંબઈ
		,, ,, ,,	શ્રીગોપીકાધીશજી	
		,, ,, ૮	શ્રીપન્નાલાલજી	શ્રીનાથદ્વારા
		,, ,, ૧૪	શ્રીજીવણલાલજી	કોટા
મથુરા	શ્રીરમણલાલજી	,, વદ ૧		

મથુરા	શ્રીગોપાલલાલજી	કાર્તિક વદ ૭	શ્રીગોપાલલાલજી	કોટા
કામવન	શ્રીરમણજી	,, ,, ૮		
		,, ,, ૧૩	શ્રીમગનલાલજી	વેરાવલ
		,, ,, ૧૪	શ્રીજયદેવલાલજી	વીરમગામ
		માર્ગશીર્ષ		
		,, સુદ ૫	શ્રીજીવનજી મહારાજ	મુંબઇ
		,, ,, ૭	શ્રીવ્રજનાથજી	મથુરા
		,, ,, ,,	શ્રીગોકુલનાથજી	ગોકુલ
		,, ,, ૧૦	શ્રીદામોદરજી	વેરાવલ
		,, ,, ૧૧	શ્રીકલ્યાણરાયજી	મથુરા
		,, ,, ,,	શ્રીવ્રજવલ્લભજી	જુનાગઢ
પોરબંદર	શ્રીજીવણલાલજી	,, ,, ૧૩		
ચાંપાસની	શ્રીદ્વારકેશલાલજી	,, ,, ૧૪		

મુંબઈ	શ્રીરણછોડલાલજી	માર્ગશીર્ષ વદ ૭		
		,, ,, ૧૦	શ્રીવિઠ્ઠલેશજી	કોટા
		,, ,, ૧૨	શ્રીવ્રજભુષણજી	રાજનગર
પોરબંદર	શ્રીપુરુષોત્તમજી (શ્રીઘનશ્યામજીના પૌત્ર)	,, ,, ૧૩		
શ્રીનાથદ્વારા	શ્રીગોપેશ્વરજી	પોષ સુદ ૫		
,,	શ્રીદામોદરલાલજી	,, ,, ૬		
		,, ,, ૭	શ્રીરણછોડલાલજી	કોટા
		,, વદ ૨	શ્રીપુરુષોત્તમજી	મથુરા
મુંબઈ	શ્રીવલ્લભલાલજી તે મુંબઈવાળા	,, ,, ૯		
કાંકરોલી	શ્રીરણછોડલાલજીના પુત્ર શ્રીવિઠ્ઠલેશરાયજી તે શ્રી બાલકૃષ્ણલાલજીના પુત્ર	,, ,, ૯		
રાજનગર	શ્રીરણછોડલાલજી	,, ,, ૧૧		
		માહા સુદ ૧	શ્રીદાણીરાયજી	મુંબઈ

રાજનગર	શ્રીમધુસુદનલાલજી	માહા સુદ ૪		
		,, ,, ૯	શ્રીરણછોડજી	કાશી
		,, ,, ૧૦	શ્રીગોકુલાધીશજી	મુંબઈ
કાશી	શ્રીગિરિધરલાલજી	,, ,, ૧૫		
કાંકરોલી	શ્રીવ્રજભૂષણજી	,, ,, ,,		
બેટ	શ્રીપ્રદ્યુમ્નલાલજી	,, વદ ૧૨		
		ફાલ્ગુન		
		,, સુદ ૩	શ્રીગિરિધરજી	સુરત
સુરત	શ્રીગોવિંદરાયજી તે સુરતવાલા	,, ,, ૧૧	શ્રીકુંજલાલજી	ચાંપાસની
	શ્રીવ્રજરતનજીના પુત્ર	,, વદ		
		,, ,, ૮	શ્રીબાળુરાયજી	જામનગર
		,, ,, ૧૨	શ્રીકાકાગિરિધરજી	શ્રીનાથદ્વારા
		,, ,, ૧૩	શ્રીવ્રજરાયજી	રાજનગર

નોંધ:—શ્રીગિરિધરજીના વંશમાં ૨૭ બાલકો
શ્રીપદુનાથજીના વંશમાં ૧૭ બાલકો
કુલ ૪૪ બાલકો હાલ બીરાજે છે.

ॐ

વૈષ્ણવોને વૈષ્ણવ સંપ્રદાયના જાણવાજોગ મુખ્ય આચાર્યોની નોંધ.

૧ પ્રથમ આચાર્ય ભગવાન પૂર્ણપુરુષોત્તમ પોતે છે, કારણ કે આ સૃષ્ટિમાં ભગવાને મજકૂર સંપ્રદાયને પ્રથમ પ્રકટ કર્યો.

૨ બીજા આચાર્ય શિવજી, જેને આ સંપ્રદાય ચલાવવા માટે રુદ્ર એટલે શિવજીને ભગવાને મંત્રોપદેશ કર્યો.

૩ ત્રીજા આચાર્ય નારદજી. જેને શિવજીએ મંત્રોપદેશ કર્યો.

૪ ચોથા આચાર્ય વેદવ્યાસજી, જેને નારદજીએ મંત્રોપદેશ કર્યો.

૫ પાંચમા આચાર્ય શુકદેવજી, જેને પોતાના પિતા વેદવ્યાસજી તરફથી મંત્રોપદેશ મળ્યો.

૬ છઠ્ઠા આચાર્ય શ્રીવિષ્ણુસ્વામી. જેને શુકદેવજીએ મંત્રોપદેશ કર્યો.

[નોંધ-૧ વિષ્ણુસ્વામીની પરંપરામા સઘળા મળી ૭૦૦ આચાર્ય થયા છે.]

[નોંધ-૨ વૈષ્ણવ મતને જૈન લોકોએ ખંડન કર્યો, અને થોડા ઘણા જે બાકી રહ્યો હતો તે શંકરાચાર્યે ખંડન કરી નાંખ્યો તેથી આ મત તો બીલકુલ ઉચ્છિન્ન થઈ ગયો પછી]

૭ વિષ્ણુસ્વામીના શિષ્ય બિલ્વમંગળ જે મોટા યોગી હતા, તે આ સંપ્રદાયના સાતમા આચાર્ય હતા; [તેમણે ઉપર લખેલાં કારણોથી પોતાનો સંપ્રદાય નષ્ટ થતો જોઈને પોતાના સંપ્રદાયની રક્ષા કરવા માટે

ભગવાનની પ્રાર્થના કરી ત્યારે એવી આજ્ઞા થઈ કે "મારો અવતાર વલ્લભાચાર્ય થશે તે આ સંપ્રદાયનું મંડન કરશે અને માયાવાદી, નાનકપંથી, નિરંજની, દાદુપંથી, કબીરપંથી, વિગેરે મતોનું ખંડન કરશે. તે વલ્લભાચાર્યજી તમને મળે ત્યાં સુધી તમે પૃથ્વી ઉપર વાયુ રૂપે રહો ને તમને મળે ત્યારે આ સંપ્રદાયનો મંત્રોપદેશ દઈને પછી મારા ધામમાં આવજો" એવી ભગવાનની આજ્ઞા થઈ. માટે બિલ્વમંગળ આચાર્ય વાયુરૂપે રહ્યા હતા તે શ્રી આચાર્ય મહાપ્રભુજીને મળ્યા છે.]

૮ આ પ્રમાણે શ્રી આચાર્ય મહાપ્રભુજી આ સંપ્રદાયના આઠમા આચાર્ય છે.

શ્રી આચાર્ય મહાપ્રભુજીનો સંક્ષિપ્ત વૃતાંત અને તેમના વંશજોની વંશાવલી.

તેલંગણ દેશમાં કાંકરવાડ ગામમાં શ્રી વલ્લભ ભટના પુત્ર શ્રીલક્ષ્મણભટ્ટજી હતા તે સાક્ષાત્ અક્ષરબ્રહ્મ એટલે શેષજીનો અવતાર હતા. સંવત ૧૫૩૨ના ચૈત્ર શુદ ૯ ને સોમવાર, પુષ્ય નક્ષત્રમાં અભિજીત્ યોગે એટલે મધ્યાન કાલે શ્રીલક્ષ્મણ ભટ્ટજીએ સોમયજ્ઞનો આરંભ કરેલો તેની સમાપ્તિ સમયે યજ્ઞ કુંડમાંથી અલૌકિકવાણી થઈ જે તમારે ત્યાં સાક્ષાત્ પૂર્ણ પુરૂષોત્તમનું પ્રાકટ્ય થશે.

કાંકરવાડથી ૭ મજલ છેટે આવેલા ભૃંગસાર્થક નામ ગામમાં વૈશાખ વદી એકાદશીની મધ્ય રાત્રીએ શ્રી ગોવર્ધનનાથજીએ રાધાજી સહિત સ્વપ્નમાં શ્રીલક્ષ્મણ ભટ્ટજીને દર્શન

દીધા ને કહ્યું કે તમો કાશીએથી પાછા ચંપારણ્યમાં આવશો ત્યારે તમારે ત્યાં મારૂ પ્રાકટ્ય થશે એવું કહી તેમને એક ઉપરણો આપીને કહયું કે આ ઉપરણો તે બાલકને ઓઢાડજો. વળી એક તુળશીની માલા તથા એક તુલશીની કંઠી તે બાલકને કંઠે ધારણ કરાવવા આપી, ને એક તાંબુલની બીડી આપીને કહ્યું કે આ બીડી તે બાલકને જન્મ ઘુંટી એટલે ગળસુતીમાં પાજો. એવું કહી અંતર્ધ્યાન થઈ ગયા ને જ્યારે લક્ષ્મણ ભટ્ટજી જાગૃત થયા, ત્યારે તે ચીજો શીવાય તેમના જોવામા બીજું કાંઇપણ આવ્યું નહીં.

તે પ્રમાણે ચંપારણ્યમાં શકે ૧૪૦૦ ને સંવત ૧૫૩૫ના વૈશાખ માસમાં કૃષ્ણપક્ષની એકાદશીને રવિવારને દીવસે પ્રાકટ્ય થયા. એમના પ્રાકટ્ય સંબંધી ચમત્કારોના ઈતિહાસ જગાની સંકોચપણાને લીધે બીજા પ્રસંગ સુધી મુલતવી રાખીશું.

તેમને સંવત ૧૫૪૦ના ચૈત્ર વદ ૯મી એટલે રામ નવમીને રવિવારના દિવસે વેદ વિધિ પ્રમાણે ઉપવીત ધારણ કર્યું.

શ્રી સંવત ૧૫૫૦ના માગસરમાં શ્રી આચાર્ય મહા પ્રભુજી કાશીથી જગન્નાથપુરીમાં પધાર્યા ત્યારે ત્યાંના રાજાએ ચાર પ્રશ્નો કરેલા:-

પ્રશ્ન-૧ મુખ્ય શાસ્ત્ર કયું ?
૨ મુખ્ય દેવતા કયો ?
૩ મુખ્ય મંત્ર કયો ?
૪ મુખ્ય કર્મ કયું ?

આ પ્રશ્નોના ઉત્તરોશ્રી જગન્નાથ રાયજી આપશે એમ શ્રી આચાર્ય મહાપ્રભુજીએ કહ્યું. પછી શ્રી મહાપ્રભુજીના કહેવા મુજબ રાજાએ ખડીઓ, કલમ અને કાગળ શ્રી જગન્નાથજીના આગળ મુકયાં ને રાજાએ પડે મંદિરમાં

ફરી પહેરો કર્યો અને સર્વે લોકોને બહાર કાઢીને દ્વાર બંધ કર્યાં ને પછી જ્યારે સવારે દ્વાર ઉઘાડયાં ત્યારે તે કાગળમાં શ્લોક લખ્યો હતો તે આ પ્રમાણેઃ--

एकं शास्त्रं देवकीपुत्रगीतमेको देवो देवकीपुत्र एव ॥
मंत्रोप्येकस्तस्य नामानी यानि कर्माप्येकं तस्य देकस्य सेवा ।१।

અર્થ-જે ભગવાને ગીતા કહેલી છે તેજ શાસ્ત્રમાં મુખ્ય છે. દેવકી પુત્ર જે શ્રીકૃષ્ણ તે દેવતામાં મુખ્ય છે. જે મંત્રમાં શ્રીકૃષ્ણનું નામ છે તેજ મંત્ર મુખ્ય છે. શ્રીકૃષ્ણની સેવા કરવી તેજ કર્મ મુખ્ય છે.

જ્યારે પંઢરપુર પધાર્યા ત્યારે શ્રીવિઠ્ઠલનાથજીએ આજ્ઞા આપી જે હું આપને ઘરે પુત્રરૂપે પ્રકટ થવાને ઇચ્છું છું તેથી તમો લગ્ન કરો. એવી રીતે ઘણાજ આગ્રહપુર્વક આજ્ઞા કરી ત્યારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે 'હમને બ્રહ્મચારીને કન્યા તે કોણ આપે ?' ત્યારે શ્રીવિઠ્ઠલનાથજીએ આજ્ઞા કરી જે 'આપ કાશીમાં પધારો ને ત્યાં તમને મધુમંગળ બ્રાહ્મણ પોતાની મેળેજ કન્યા આપશે.' એવું કહ્યું ત્યારે કાશીમાં પધાર્યા ને ત્યાં જઇને લગ્ન કર્યા ને તેમની પત્નીનું નામ મહાલક્ષ્મીજી હતું અને તેઓના સસરાના ઘરમાં પંચપૂજામાં શ્રીગોકુલનાથજીનું સ્વરૂપ હતું તે તેમણે માગી લીધું તે હાલ ચોથી ગાદીના ઠાકોરજી છે.

શ્રી મહા પ્રભુજીના વંશની વંશાવળી તથા તેમની છબીઓ પણ જુદે સ્થળે આપવામાં આવી છે. માટે જુઓ જુદુ છાપેલું પાનું.

શ્રીમદ્ લક્ષ્મણભટ્ટજી=શ્રીઇલ્લમાગારૂજી

સંવત ૧૫૪૬ ચૈત્ર વદ ૯ દીને
શ્રીબાલાજીમાં દેહ વિસર્જન કરી.

- ૧ શ્રીરામકૃષ્ણભટ્ટ.
- ૨ શ્રીવલ્લભાચાર્યજી (શ્રીમહાપ્રભુજી=શ્રીમદ્વાલદ્મીજી)
  પ્રાકટ્ય–શ્રીચંપારણ્યમાં સંવત્ ૧૫૩૫ વૈશાખ વદ ૧૧,
  સંવત્ ૧૫૮૭ આષાઢ સુદ બીજ ઉપરાંત ત્રીજની સવારે સ્વધામ પધાર્યા.
  - શ્રીગોપીનાથજી
    પ્રાકટ્ય સંવત ૧૫૬૮
    ભાદરવા વદ ૧૨
    - શ્રીપુરુષોત્તમજી
      પ્રાકટ્ય સંવત ૧૫૮૭
      ભાદરવા વદ ૮.
  - શ્રીગુસાંઇજી શ્રી વિઠ્ઠલનાથજી
    પ્રાકટ્ય સંવત ૧૫૭૨ માગસર વદ ૯
    - ૧ શ્રીગિરધરજી
      પ્રાકટ્ય સંવત ૧૫૯૭
      કારતક સુદ ૧૨
      કુંદીકોટામાં ગાદી છે
      જ્યાં શ્રીમથુરેશજી
      ઠાકોરજીનું સ્વરૂપ
      બીરાજે છે.
      - ૧ શ્રીમોરલીધરજી
        ૨૦ વર્ષની વયે
        સ્વધામ પધાર્યા
        પ્રાકટ્ય સંવત ૧૬૨૦
        આશો સુદ ૧૦.
      - ૨ શ્રીદામોદરજી
        જેમના ઠાકોરજી શ્રીનવ-
        નિતપ્રિયજી છે અને જેની
        ગાદી શ્રીજીદ્વારમાં છે.
        પ્રાકટ્ય સંવત ૧૬૨૨
        શ્રાવણ સુદ ૧૫.
      - ૩ શ્રીગોપીનાથજી
        ઉપનામ દીક્ષિતજી
        જેમના ઠાકોરજી
        શ્રીમથુરેશજી છે.
        પ્રાકટ્ય સંવત ૧૬૨૫
        પોષ વદ ૬.
    - ૨ શ્રીગોવિંદરાયજી
      પ્રાકટ્ય સંવત ૧૫૯૯
      માગસર વદ ૮
      તેમના ઠાકોરજી શ્રીવિઠ્ઠ-
      લેશરાયજી શ્રીજીદ્વારમાં
      છે ને ત્યાં ગાદી છે.
      - શ્રીકલ્યાણરાયજી
        પ્રાકટ્ય સંવત ૧૬૨૫
        માગસર વદ ૭
        - ૧ શ્રીહરરાયજી
          પ્રાકટ્ય સંવત ૧૬૪૭
          ભાદરવા વદ ૫
          આ સંપ્રદાયમાં તેમને
          શ્રીહરિરાય મહાપ્રભુજી
          તરીકે ઓળખવામાં
          આવે છે.
        - ૨ શ્રીગોપેશ્વરજી
          પ્રાકટ્ય સંવત ૧૬૪૯
          જેઠ સુદ ૧૨
          આ સંપ્રદાયના પ્રચલિત
          શિક્ષાપત્ર છે તે શ્રીહરિ
          રાયજીએ શ્રીગોપેશ્વરજી
          ઉપર લખેલું હતું.
    - ૩ શ્રીબાલકૃષ્ણજી
      પ્રાકટ્ય સંવત ૧૬૦૬
      આસો વદ ૧૩
      તેમના ઠાકોરજી શ્રીદ્વાર-
      કાનાથજી કાંકરોલીમાં
      બીરાજે છે.
      - શ્રીપીતાંબરજી
        પ્રાકટ્ય સંવત ૧૬૨૯
        ફાગણ વદ ૧
        - શ્રીયદુપતિજી
          પ્રાકટ્ય સંવત ૧૬૬૨
          - શ્રીપીતાંબરજી
            પ્રાકટ્ય સંવત ૧૭૦૦
            જેઠ સુદ ૬
            - શ્રીપુરુષોત્તમજી
              પ્રાકટ્ય સંવત ૧૭૨૪
              ભાદરવા વદ ૧૦
    - ૪ શ્રીગોકુલનાથજી
      પ્રાકટ્ય સંવત ૧૬૦૮
      માગસર સુદ ૭
      તેમની ગાદી ગોકુલમાં
      છે ને તેમના ઠાકોરજી
      શ્રીગોકુલેશજી છે.
    - ૫ શ્રી રઘુનાથજી
      પ્રાકટ્ય સંવત ૧૬૧૧
      કારતક સુદ ૧૨
      તેમની ગાદી કામવનમાં
      છે અને ઠાકોરજી શ્રી
      ગોકુલચંદ્રમાજી છે.
    - ૬ શ્રીયદુનાથજી
      પ્રાકટ્ય સંવત ૧૬૧૩
      ચૈત્ર સુદ ૬ તેમની
      હાલ ગાદી સુરતમાં છે
      અને તેમના ઠાકોરજી
      શ્રીબાલકૃષ્ણલાલજી છે.*
    - ૭ શ્રીઘનશ્યામજી
      પ્રાકટ્ય સંવત ૧૬૨૮
      માગસર વદ ૧૩
      તેમની ગાદી કામવનમાં
      છે અને તેમના ઠાકોરજી
      શ્રીમદનમોહનજી છે.
- શ્રીરામચંદ્ર ભટ્ટ
  કવિ.

*[નોંધ:--આ ગાદી માટે શેરગઢવાળા શ્રીગિરિધરજી પોતાનો હક ધરાવતા હોય તેમ સંભળાય છે એમનું સેવ્ય સ્વરૂપ શ્રીકલ્યાણરાયજી છે. એઓશ્રી હાલ વડોદરામાં બીરાજે છે. એજ ગાદી માટે કાશીવાળા શ્રીમુકુંદરાયજીવાળા શ્રીગિરિધરજી પણ હક ધરાવતા જણાય છે. આમ મુકુંદરાયજીનું સ્વરૂપ શ્રીનાથજીની ગોદમાં બીરાજતું અને શ્રીદાઉજી મહારાજે કાશીવાળા શ્રીગિરિધરજીને શીર આજથી સો સવાસો વર્ષ ઉપર પધરાવી આપ્યું.]

વષ્ણુવ ધર્મબોધ વચન

કૃષ્ણ મંત્રનો મહિમા.

સઘળા તીર્થોથી સર્વ માણસ પવિત્ર થાય છે પરંતુ જે માણસે કૃષ્ણના મંત્રની પૂર્ણ રીતે ઉપાસના કરેલી હોય છે, તેના શુદ્ધ ચર્ણામૃતથી સઘળા તીર્થ પવિત્ર થઈ જાય છે અને અસલના જ્ઞાનીઓ કહે છે કે જે માણસને બ્રાહ્મણના મુખેથી કૃષ્ણમંત્ર પ્રાપ્ત થાય છે, તેને જગતના પાવન કરનાર વૈષ્ણવ જાણવા અને જે માણસ કૃષ્ણમંત્રને ગ્રહણ કરે છે તે સાક્ષાત્ નારાયણસ્વરૂપ થાય છે, અને તે માત્ર એક ક્ષણ માત્રમાં ૧૦૦ મનુષ્યને પવિત્ર કરી નાંખે છે. અને તે માણસને સઘળાં તીર્થો ઘેર બેઠાંજ થઈ ગયા એમ જાણવું, તે સર્વ યજ્ઞોના દીક્ષિતજી થઈ ગયા, એવા પુરૂષનેજ સઘળી પૂજાનું ફળ પ્રાપ્ત થાય છે અને જ્યારથી તેણે કૃષ્ણમંત્રની ઉપાસના કરી ત્યારથી તેણે સર્વ વ્રતો પૂર્ણરીતે પાળ્યા હોય તેટલું પુણ્ય થાય છે. અને જે માણસને વિષ્ણુંના મંત્રની વૈષ્ણવ બ્રાહ્મણને મુખેથી પ્રાપ્તિ થાય છે તેના કોટિ જન્મના પ્રાયશ્ચિત નાશ પામે એમાં કાંઈ સંદેહ નથી.

જે માણસને ગુરૂ મુખેથી વૈષ્ણવ મંત્ર પ્રાપ્ત થયેલો હોય છે તે માણસ મહા પવીત્ર, પૂર્ણવૈષ્ણવ, જીવતાં મુક્તિને પામેલો એવો અને સાક્ષાત બ્રહ્મ વેદ સ્વરૂપ પણ કહેવાય છે.

સગુણદાસ ઢાઢી.

આ નામના ઢાઢી લક્ષ્મણ ભટ્ટજીના ઘરની પાસે રહેતા. તે શ્રીમહાપ્રભુજીને સાક્ષાત્ પૂર્ણપુરૂષોત્તમ જાણીને હમેશાં તેમના દર્શન કરીને પ્રસાદ લેતા. તેથી જ્યારે શ્રીમહાપ્રભુજી ચાલવા શિખ્યા ત્યારે તેમને ઘેર રમવા જતા, પણ તે ઢાઢીના સ્પર્શ કરતા નહી. તે ઢાઢીને દર્શન દેવા માટે રોજ જતા તેથી તેમના પિતાજીએ તે નીચ વર્ણને ત્યાં જવાની પાડી ત્યારે શ્રીમહાપ્રભુજી બોલ્યા કે, " **स्त्रियो वैश्यास्तथा स्तेऽपि यांति परां गतिम्** " અર્થ—ભગવાનનો આશ્રય લીધાથી સ્ત્રીઓ, વૈશ્ય, અને શુદ્રો પણ મોક્ષ ગતિને પામે છે. એવું કહ્યું તેથી તેમના પિતાજીએ ત્યાં જવાની આજ્ઞા આપી. આ ઇતિહાસ ઘણો સૂચક છે અને ભગવાનનો આશ્રય લેનાર ગમે તે સ્થિતિ અને યોનિમાં જન્મેલો હોય છતાં પણ તે મોક્ષ ગતિને પામે છે એ બાબતનો શ્રીઆચાર્જી મહાપ્રભુજીનો આ મુદ્રા લેખ સાક્ષી પુરે છે. તે વર્તમાન કાલના જનસમાજની જાણ માટે પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

भारतमार्तंड—पंडित श्रीगट्टूलालजी.

प्राकट्य संवत १९०१ पोष वद १२ सोमवार (गुर्जर)

निर्वाण संवत १९५४ मार्गशिर्ष शुद ९ गुरु.



ભારતમાર્તંડ—પંડિત શ્રીગટ્ટૂલાલજી.

જન્મ સંવત ૧૯૦૧ પોષ વદ ૧૨ સોમ.

નિર્વાણ સંવત ૧૯૫૪ માર્ગશિર્ષ શુદ ૯ ગુરૂ.

અગત્યની સૂચના

આગમ માર્તંડ પંડિત શ્રી ગટ્ટુલાલજીએ રચેલા સંસ્કૃત અને ગુજરાતી પુસ્તકો. જે પંડિતજીની અસરકારક છટાદાર ભાષામાં લખાયેલાં છે, અને પુષ્ટિમાર્ગનાં ઊંચાં તત્વોને સમજાવે છે, તેમજ બીજાં પણ કેટલાક પુસ્તકો પંડિતજીના શિષ્ય વર્ગની સહાયતાથી પ્રકટ થયલાં. શ્રીતત્ત્વદીપનિબંધ. વ્રજ ભાષાના ટીકા ભાષાંતર, માતૃભક્તિ બ્રાહ્મણ વગેરે ગ્રંથો તેમજ ગુજરાતી ભાષાના સંપ્ર અક્ષર કરનારા સંપ્રદાયના પુસ્તકો વિદ્વાન ભાવે નિત્ય લખેલે ઠેકાણેથી મળી શકશે

પંડિતજીના પુસ્તકાલયનું હસ્તલિખિત અને છપાયેલાનું લિસ્ટ જેને જોઈએ તેને મળી શકે છે, અને તેનો ઉપયોગ કરનારા પુસ્તકાભ્યાસીઓ એ વિષે સઘળું સંસ્થાના મંત્રી પાસેથી યોગ્ય હકીકત મેળવી શકશે.

આ ટિપ્પણી મળવાનું ઠેકાણું.

શ્રી લાડુબેટીજીનું મંદિર,

પંડિત શ્રી ગટ્ટુલાલજીનું પુસ્તકાલય,

ભુલેશ્વર, મુંબઈ નં. ૨.

છપાવનાર—કાશીદાસ નારણદાસ દલાલ, વકીલ, હાઈકોર્ટ,
૧૩૧, ભુલેશ્વર, બાહરકોટ, મુંબઈ.

છાપનાર—મગનલાલ જગજીવનદાસ,
૩૩૨-૩૩૪, નાગદેવી સ્ટ્રીટ, મુંબઈ.